નંદબત્રીસીની વારતા.

3380

સને ૧૮૭૨ બુદ્ધિપ્રકાશમાંથી.

નંદ બત્રીશીની વાર્તા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ડી. એમ. ભટ્ટ.

સામેરા.—મહીકાંઠા.

वसंततिलका.

यांचिंतयामि सततं मयि सा विरक्ता
साऽप्यन्यमिच्छति जनं स जनोऽन्यसक्तः॥
अस्मत्कृते च परितुष्यति काचिदन्या
धिक्तां च तं च मदनं चइमां च मांच ॥१॥

જેને સદા હું ચહુછૂં, મુજને તજીને,
તે સ્ત્રી ભજે અવરને પ્રિતડી સજીને;
તે જન અન્ય તરૂણી પરસક્ત ભારી,
ધિક્ જાત હું મદન પ્યારિ પુરૂષ નારી. ૧

અમદાવાદ.

યુનિયન પ્રીન્ટીંગ પ્રેસ.

સને ૧૮૮૮. સંવત ૧૯૪૪.

કીંમત રૂ૦—૨—૦.

પ્રસ્તાવના.

કવિ શામળભટે આસરે સવાસો વાર્ત્તાઓ તથા બ્રહ્મો ત્તરખંડ વગેરે પુસ્તકો ગુજરાતી ભાષાની કવિતામાં રચેલાં છે. તેમાં બત્રીસ પુતળીઓની બત્રીસ વાર્ત્તાઓમાંથી અને મડાપચીશીની પચીસ વાતોમાંથી કેટલીએકમાં ઘણી નીતિ અને શિખામણની વાતો છે. સુડાબોતેરીમાં એક દુરાચરણ કરવા આતુર થયેલી સ્ત્રીને કેવી રીતે તતબીરથી સમજાવીને દુરાચરણથી અટકાવી. તેના દાખલા છે તેમાંથી સમજુને શિખામણ મળે અને અણસમજુ અવળો અર્થ લે તો તેને ગેરફાયદો થાય. એવું છે. પણ તેમાં હરેક ઠેકાણે તે કવિએ વ્યભિચારની નિંદા કરેલી છે.

શામળભટની કવિતામાં ઘણું કરીને કોઈ ધર્મ પંથનો પક્ષ નથી તેથી હરેક ધર્મના લોકો શ્રાવક, મુસલમાન વગેરે સૌ વાંચવા ચહાય છે. અમદાવાદમાં તથા મુંબાઈમાં કેટલીએક વાર્ત્તાઓ છપાઈ હતી, પણ અશુદ્ધ છપાયાથી પછી લોકોએ લીધી નહિ, તોપણ ઘણી નકલો ખપી ગઈ છે. જેઓને દાંત ન હોય તેઓ લાખણશાઈના ભૂકો પસંદ કરે છે તેમજ જેઓને કવિતા વાંચવાનો મહાવરો નથી તેઓ ગદ્યમાં લખેલી વાર્ત્તાઓ સારી પેઠે સમજી શકે છે. જેને કવિતા વાંચવાનો અભ્યાસ હોય તેને તો કવિતાના જેટલો આમાં રસ નહિ આવે. જેમ ઈમારત તોડીને લાકડાં, ઈંટો અને ચૂનાના ઢગલા જૂદા કરી દેખાડવા. તેમજ કવિ-

તામાંથી ગદ્યમાં કરી બતાવવું તે એવું છે. તોપણ વાંચનાર સાહેબો તે કવિની તર્કશક્તિ વિશે વિચાર કરશે. આ વાર્ત્તામાં એક સતી સ્ત્રીએ મહાસંકટમા પણ પોતાનો પતિવ્રતા ધર્મ કેવી રીતે સાચવ્યો, અને આતુર થયેલા એક રાજાને કેવી શિખામણ દેઈને જ્ઞાની કર્યો, તેનું વર્ણન છે તથા સારા માણસને પણ જુવાનીના તોરમાં મનના તરંગ ખોટે રસ્તે લેઈ જાય છે, પણ સારી રીતે શિખામણ દેનાર મળેતો તરત તે રસ્તેથી પાછો વળે તે સારાનું સારાપણુ છે. તેનો દાખલો આમાં બતાવેલો છે-

આમાં નંદ નામનો રાજા, અને બત્રીસ લક્ષણી એક સ્ત્રી એ બે મુખ્ય પાત્રો છે. માટે આ વાર્ત્તાનું નામ નંદબત્રીશીની વાર્તા રાખ્યું છે. આમાં શૃંગારરસ, શાંતરસ,, અને રૌદ્રરસ એ ત્રણ રસ પ્રાધાન્ય છે. રૈયતની વહુ દિકરી ઉપર આશક્ત થયેલા જુવાન રાજાને શિખામણ દેવાની આમાં મતલબ છે.

૩૩૮૦

નંદબત્રીશીનીવાર્તા.

શામળભટ કવિ પ્રથમમંગળા ચરણમાં દેવની સ્તુતિ કરીને તથા પોતાની નમ્રતા જણાવીને વાર્તાનો આરંભ કરે છે.

પશ્ચિમ દિશામાં નંદનગરી નામે એક શેહેર હતું ત્યાં નંદસેન નામે રાજા હતો, તેનો પ્રધાન વૈલોચન નામે હતો. નંદસેનરાજા સારી ચાલતો, અને રાજા ભોજના જેવો દાતાર હતો, અને કોકશાસ્ત્રમાં લખેલા કોકદેવ જેવો અથવા કામદેવનો અવતાર હોય એવો રૂપાળો હતો. તે સઘળાં શાસ્ત્રો ભણેલો, અને ચતુર શિરોમણી હતો, તે એવો કે તે સમે એની બરાબર કહીએ એવો ગુણવાન બીજો કોઇ નહોતો.

તે ભગવાનનો ભક્ત હતો. એનામાં એકે અવગુણ નહોતો, સારા સ્વભાવનો. તે બહાદુર રાજા હતો. જાણે કે મદઝર હાથી ચાલ્યો જતો હોય તેવી રીતે દરબારમાં મલપતો હતો, અને તેનામાં ઇશ્વિરી તેજ હતું. અને તે પ્રીતિ સહિત પ્રજાનું પાલન કરતો હતો, અને નિષ્પક્ષપાતથી સૌ ઉપર સરખું હેત રાખતો હતો. યોગ્ય રીતે દાન આપતો અને યોગ્ય રીતે દયા રાખતો હતો. અને તેના મુખનાં વચનો તો સૌના સુખના ભંડાર જેવાં હતાં. ધિરજવાન અને હિમતવાન હતો તથા કવિતા વગેરે ચતુરાઇ જાણનારો, અને તે પરમાર્થ કામો કરતો હતો. અને જે સ્ત્રી ચતુરશિરોમ-

ણી હોય તેવી જોઇને તેની સાથે તેણે લગ્ન કર્યું હતું. તે નવરસના ગુણ જાણતો હતો, અને યોગ્ય વાત નજરે જોઇને સાચી માનતો. ઉપર કહેલો તેનો પ્રધાન પણ પ્રતાપી હતો. અને ત્યાંના લોકો બધા દાતાર હતા.

જેવું ઉગતું સૂર્યમંડળ શોભે એવું રળિયામણું તેનું શેહેર હતું. તેમાં રાજા, પંડિતો, પ્રધાન અને સઘળી રૈયત સુજાણ એટલે ભણેલી હતી. ઘેર ઘેર દ્રાક્ષના માંડવા, અને એલચીનાં વન વાવેલાં હતાં. નાગરવેલના વેલા તથા સોપારીના ઝાડની લીલા ઘણી સારી હતી. બપૈયા અને મોર વગેરે પક્ષિયો સુંદર સ્વરથી બોલતાં હતાં. નજરબાગમાં ફૂલનાં ઝાડ અને વેલાઓ ઉપર ઘણાં ફુલ લાગેલાં, તેમાં પોપટ, મેનાં અને ચકોર વગેરે પક્ષિયો આમથી તેમ ઉડતાં કરતાં હતાં. ઘેર ઘેર નોબત વાગતી હતી, અને શેહેરમાં ઠેકાણે ઠેકાણે આનંદઓચ્છવ થઈ રહ્યા હતા. ત્યાં રામ રાજ્ય જેવું વરતાતું હતું. કોઈ માણસ કોઇને હરકત કરતું નહોતું. ત્યાંની સીમમાં અઢારભાર વનસ્પતિ હમેશાં ફળતી હતી, તેથી સર્વે લોકો સુખ પામતા હતા. ત્યાં રોગનો ફેલાવ થતો નહોતો (મતલબ કે હવા સારી હતી) કોઈને સંકટ કે દીલગીરી નહોતી.

એકસમે મધ્ય રાતી જતાં રાજાએ મનમાં વિચાર્યું કે આજતો બધા નગરમાં ફરીને નગરચરચા જોઉં, કે શેહેરના ચોકિયાતો ન્યાયથી કે અન્યાયથી ચાલે છે, અને રૈયત પણ કેમ ચાલે છે તથા જૂદા જાદા પ્રકાર નીબુદ્ધિવાળાં માણસો મારા

રાજ્ય વિશે કેવું બોલે છે? મારી રૈયત સુખી છે કે દુઃખી છે. તે બધી વાતનો તપાસ કરીને મારા મનનો સંદેહ મટાડું. પછી રાજા હથિયાર બાંધીને ઘોડેસ્વાર થઈને પોતે એકલો ગયો. તે શેહેરમાં તથા કીલ્લાની આસપાસ ફરી વળ્યો, ચોટું જોયું, ચોકિયાતોને રહેવાની ચાવડિયો જોઈ, ચકલા જોયા, મોટા મેહેલો, મેડીઓ, અને તેઓની બારીઓ પણ તપાસી, બધી પોળો અને ગલીકુંચીઓ જોઈ, દોસી વાણિયાની દુકાનો જોઈ, તથા બીજા વેપારિયોનાં હાટ જોયાં-દસે દિશાઓના શેહેરના રસ્તા જોયા. એ રીતે બધું શેહેર જોઇને, પછી શેહેર બાહાર નિકળ્યો. ત્યાં એક નિર્મળ જળ ભરેલું એક સરોવર જોયું ત્યાં તો એક મોટું આશ્ચર્ય દીઠું. તે એ કેઃ—તે વેળાએ એટલે અરધી રાતે તે સરોવરમાં એક ધોબી લુગડાં ધુવે છે એવો દેખાવ તેની નજરે પડ્યો. તે જોઈને રાજા વિચારમાં પડ્યો કે આ વેળા લુગડાં ધોવાની નથી. આતે ભૂત, પ્રેત કે વ્યંતર હશે? અને જો એમ હશે તો હું બોલાવીશ એટલામાં તે નાશી જશે. એવું ધારીને છાનોમાનો તેની પાસે ગયો, એટલે તે ધોબી ધોતો રહી ગયો, અને બંને જણા ગભરાટમાં પડીને એકદમ બોલી ઉઠયા કે કોણ છે કોણ છે. એકે કહ્યું કે તું કોણ છે? ત્યારે બીજાએ કહ્યું કે તું કોણ છે? એમ પરસ્પર કેટલોક વાદ થયો!

રાજાએ જાણ્યું કે કોઈ ધોબી મરી ગયો હશે તે આ ભડભડતો ભૂત થયો હશે અને ધોબીએ જાણ્યું કે આ કોઈ પ્રેત મારી સાથે કપટ કરવા આવ્યો છે, એવો બંને-

ના મનમાં વહેમ પેઠો. ત્યારે રાજાને ઘણો ક્રોધ ચઢયો અને કહ્યું કે, અરે, આ વેળાએ આ ઠેકાણે તું કોણ છે? જલદી સાચું બોલ, નહિ તો હું તારૂં માથું કાપી નાખીશ. હું ભૂતથી ડરતો નથી, ડાકણને વેગળી કાઢી મૂકું, હું રાક્ષસને પણ રોળી નાંખું એવો છું, માટે તારા ચૂરેચૂરા કરી નાંખીશ. ત્યારે ધોબી ડર્યો તો ખરો, પણ હિમત રાખીને બોલ્યો કે, જાને ભૂતના બાપ, હું પણ તારાથી બીતો નથી.

રાજાએ જાણ્યું કે આ કોઈ માણસ છે ભૂત નથી. પણ અમારા બંનેના મનમાં ખોટો વહેમ પેઠો છે, એમ જાણીને કહ્યું કે ભાઈ, હું મારૂં નામ પ્રથમ દઉં, પછી તું તારૂં નામદે, એટલે આપણું બનેનું કામ થાય. એ વાત ધોબીએ કબુલ કરી. ત્યારે રાજાએ પોતે કોણ છે તે સમસ્યામાં સમજાવ્યું તેનો છપો નીચે પ્રમાણેઃ—

છપ્પો.

કરૂં રંકને રાય, રાયને રંક કરીજે;
મારે વશ સૌ કોઈ, અમે કોઈ વશ ન રહીજે,
અનમ્રતા અહંકાર, વાત દિલની નવ દાખું;
પુત્ર મિત્રને પ્રજા, સરવ સમ લેખે રાખું;
મારણ પાલણ માનવ તણો, પરતનુ જીવ ધાલુ નહીં;
સાથે લખ જીવ લઈ સંચરૂં, તે એકલો આવ્યો અહીં.૧

તે સાંભળીને ધોબી સમજ્યો કે આતો મારો નંદરાજા છે. તે ઘણો ચતુરસુજાણ છે, તેમ હું પણ તેની રૈયત

છું. માટે જો તેણે પોતાનું નામં સમસ્યામાં કહ્યું, તો હું પણ મારૂં નામ એજ રીતે સમસ્યામાં કહું, એવું ધારીને તે બોલ્યો કે—

છપ્પો.

ધરે રાયને રંક, રંક રાજા શો દીસે,
શોભે શા સુલતાન, માન પામે મન. હીસે;
એક વસાનો જંન, કરૂં તે લાખ વસાનો,
જે ધરીને જ્યાં જાય, સભામાં ન રહે છાનો;
વળિ જે ઢાંકણુ છે જગ વિષે, રૂપ સમારે તાહરૂં,
તેનેતો અમો સમારિયે, નામ સમજજો માહરૂં. ૨

એવું સાંભળીને બંને જણાએ એક બીજાની વાત ઓળખી, અને મનનો વહેમ, મટી ગયો, અને બંને જણા રાજી થયા. પછી તે રાજા ધોબી પાસે ગયો. ત્યારે ધોબીએ પૂછ્યું કે—મહારાજ, આપણી સુકોમળ કાયા છતાં, કાળી અંધારી માઝમરાતની આ વેળાએ સાથે હાથી, ઘોડા અને પાયદળ વિના એકલા, આ ઠેકાણે આપ શા કામ વાસ્તે પધાર્યાછો? રાજા બોલ્યો કે, હું નગરચરચા જોવા આવ્યોછું માટે કોઈને મારી સાથે લાવ્યો નથી. પણ તું અહીં અરધી રાતે કાંઈ બીક મનમાં ન રાખીને કેમ આવ્યોછું તે સાચે સાચી વાત મને કહે. તે કહેવાથી તું કાંઈ શરમાઈશ નહીં. ધોબી બોલ્યો કે—મહારાજ, જે કામ વાસ્તે હું આવ્યોછું તે આપને શમસ્યામાં કહું તે સમજીલ્યો. ને પછી પાછા શેહેરમાં પધારો.

છપ્પો.

લિયે લપેટી લંક, રામ નહિ, ભક્ત નિભાવણ,
સીતહરણ કહેવાય, રએ જાણો તે રાવણ;
કૌરવ જેથી મુઆ, જુઓ મનમાંહિ વિચારી,
ધરે ઉલટથી અંગ, જે વડે શોભે નારી.
એક દાતણ કેરી બે કરે, તેને નામે નામ છે,
તેને ધોવાને કારણે, હું આવ્યો આ ઠામ છે. ૩

ઉત્તરઃ—લંકને લપેટી લેછે, પણ તે લંકા લપેટી લેનાર રામ નહિ. મતલબ કે કેડના લાંકને લપેટી લેછે તે ચીર-સીત હરણ કહેવાય છે, પણ તે સીતાનું હરણ કરનાર રાવણ નહિ, મતલબ કે સીત એટલે ટાઢ હરનાર ચીરઃ દ્રૌપદીના ચીર ખેંચવાથી કૌરવ મુઆ, અને એક દાતણની બે થાય તેને નામે નામ એટલે ચીર; વળી ધોબીએ કહ્યું કે કકાથી છઠ્ઠા અક્ષર સાથે રામનામનો પહેલો અક્ષર જોડો, અને નવસેંનવાણું જે પુર્યા, તે સમારવા સારૂં હું આવ્યો છું. રાજા સમજ્યોકે ચીર. ત્યારે રાજાએ કહ્યુકે ચીર ધોવાને દહાડે કેમ ન આવ્યો ? અને અરધી રાતે તું અહી ધોવા આવ્યો તેનું કારણ શું ? કેમકે એતો મને મોટું આશ્ચર્ય લાગે છે. માટે સાચી વાત હોય તે તું કહે, કે દહાડે ધોતાં તારે કોની બીક છે. ધોબી બોલ્યો.

છપ્પો.

બે લોચન ખટ ચરણ, વરણતો શામ સરીખો;
ઘોર નાદ મુખ પીત, નામ પૂરષ પરીખો;

લે પરિમળ દિન નીશ, શીશ મોટું સૌ અંગથી,
રસિક તાન કરી ગાન, રહે સુગંધી સંગથી;
એક સુઘડ નારીના સ્વેદનો, શુભ પરિમળ અતિ ઘણો,
માટે આવ્યોછું આ સમે, ભય મુજને છે તે તણો. ૪

જેને બે આંખો અને છપગ છે, અને શરીરનો રંગ તો કસ્નના જેવો છે તે; ઘોર શબ્દ કરે છે, તેનું મોઢું પીળું છે, નામે પુરૂષ જાતિ છે; તે રાત દહાડો સુગંધ લેછે, તેનું માંથું શરીર કરતાં મોટું છે; તે રસિક તાન સાથે ગાન કરે છે, અને સુગંધી સાથે રહેવા ચહાય છે; અને આ શેહેરમાં એક સુઘડ સ્ત્રી છે તેના પરસેવાનો સુગંધ ઘણો છે, માટે તેનાં ચીર દહાડે ધોઉં તો ઉપર કહેલા મને હેરાન કરે, માટે તેના ભયથી હું અત્યારે ધોવા આવ્યો છું. રાજા સમજ્યો કે ભમરાના ભયથી અત્યારે ધોવા આવ્યો છે.

એક સુઘડ સ્ત્રીના પરશેવાનો એવો સુગંધ છે કે જેનાં ચીર દહાડે ધોતાં તે સુગંધના લોભી ભમરા આવીને હેરાન કરે, માટે ધોબી રાતે ધોવા આવ્યો છે, એવી વાત સાંભળતાં નંદરાજા ઘણું આશ્ચર્ય પામ્યો. અને તે ધોબીને પૂછ્યું કે અરે ભાઈ, એવી સ્ત્રી કોણ છે? મેં તો આ સંસારમાં એવી દીઠી નથી કે જેનાં લુઘડાંના પરિમળથી આકાશમાંથી ભમરા ઉતરી આવે, એવી સ્ત્રી કેને ઘેર છે? અરે એવી તો દેવાંગના પણ ન હોય. માટે હે ભાઈ, એ વાત તો મને તરત સંભળાવ, કેમકે એ સાંભળીને મારે હવે ધીરજ રહેતી નથી.

ધોબીએ જાણ્યું કે આતુર થયેલાની આગળ જે સ્ત્રીનાં વખાણ કરવાં તે સ્ત્રીની નિંદા કર્‌યા બરાબર છે. તેથી તેણે કહ્યું કે હું પારકી સ્ત્રીની નિંદા નહિ કરૂં. સ્ત્રીની નિંદા કરવાથી સ્ત્રીહત્યાનું પાપ લાગે. સ્ત્રીની નિંદાથી આપણે જીવ ખોઈ બેસીએ, એમ ચતુર માણસો સમજે છે; માટે સ્ત્રીની નિંદા તો કરવી નહીં, એવી વાણી ધોબીએ કહી.

વળી કહ્યું કે સર્પની સાથે ખેલ, વણિક સાથે મિત્રાઈ, ઝેર ચાખી જોવાની રમત, અને પરસ્ત્રીનો સંગ, એટલાં વાંનાં પોતાનું ભલું ઈચ્છતો હોય તેણે તજવાં.

કવિયો કરોડો ઉપાય કરે, તથાપિ જેનું મન પરસ્ત્રીમાં પ્રીત કરે, તે પરસ્ત્રીને મળ્યાવિના રહે નહિ. તેના મેળાપથી અંતે તેને ઘણું નુકશાન થાયછે. તથા મરીને જમપુરીને રસ્તે જાયછે. આ જગતમાં આબરૂ ખોઈ બેસે છે, તેનો વહેવાર બંધ પડેછે, કીર્તિ નાશ પામે છે અને ઘણો દુઃખી થાયછે. જ્યારે સ્ત્રી પ્રસંન થાય ત્યારે નીચપણાનો સ્નેહ કરીને વિષ્ટા અને મૂત્રનું પાત્ર આગળ ધરેછે. એવી શિખામણ ધોબીએ ઘણી દીધી. ત્યારે રાજા બોલ્યો કે તું મને શી શિખામણ દેછે? એવી તો હું લાખો વાતો જાણુંછું, માટે જે મેં તને પૂછ્યું છે તેનો ઉત્તર આપ.

ધોબી બોલ્યો કે હે રાજા આખર તારો હાથ મારા ઉપર છે, માટે તમે જે પૂછ્યું તેનો ઉત્તર હું સમસ્યામાં કહું તે સમજીલ્યો.

છપ્પો.

વરણ સહૂથી રાંક, આંક રાજાથી ઝાઝો;
જાત શિરોમણિ શાણ, આણ માને જસ આઝો;
તમને જીતે તેહ, તેહ તમથી ન જીતાય;
તમને કહુંછું જેહ તેહ, નિર્જિત કહેવાય,
ભોગી તમ સરખો તે ઘણો, એ અધિકાર અતિ ઘણે;
પારી જાતક પરિમળ સમી, પદમણિ છે ઘેર તે તણે. ૫

અઢાર વરણમાં સૌથી રાંક જાત (વાણિયો) છે, પણ વહેવાર વટ રાજા કરતાં ઘણી છે; શાણપણમાં શિરોમણિ ગણાય છે, તેથી લોકો તેનો વિશ્વાસ રાખીને કહ્યું માને છે. તે તમને જીતી શકે (મતલબ કે મહાજન વિફરે તો રાજાને તોબા કરાવે) પણ તમે તેને જીતી શકાય નહિ. માટે જે હું તમને કહુંછું તે નિર્જિત કોઈએ જીતેલો નહિ એવો કહેવાય છે. વળી તે તમારા જેવી સાહેબી ભોગવે છે, અને તેનો મોટો અધિકાર છે. પારી જાતકના જેવા સુગંધ વાળી પદમણી તેને ઘેર છે. રાજા સમજ્યો કે કોઈ વાણિયાને ઘેર એવી સ્ત્રી છે. વળી ધોબીએ કહ્યું કે આપણે ઘેર કોઈ કામે આવે, તેનું જે નામ કહેવાય (એટલેપર) તથા રાંધ્યા અંનનું નામ (ધાન) એ બે શબ્દો એકઠા કરો (પરધાન) તેને ઘેર તે સ્ત્રી છે. વળી પંખી જેના જોરથી ઉડેછે (પડ અથવા પર) અને જેના આધારથી પ્રાણ રહેછે (ધાન) એ બે શબ્દો એકઠા કરો (પરધાન) તેને ઘેર એ સ્ત્રી છે. તે સાંભળીને રાજા સમજી ગયો.

પછી ધોબીને જુહાર કરીને શેહેરમાં ગયો. પણ તે સ્ત્રીનાં વખાણ સાંભળીને તેનાં રૂવાડાં ઉભાં થયાં હતાં, અને તેનું મન લેલીન થઇ ગયું હતું. ઘણો મોહિત થઇને આકુળ વ્યાકુળ થયો હતો. તે રંગમેહેલમાં જઇને સુતો પણ તેને ઊંઘ આવી નહીં અને બીજે દહાડે અન્ન પણ ભાવ્યું નહિ. કહ્યુંછે કે, સ્ત્રી સાંભળ્યાથી કે દીઠાથી ચિત્ત હરેછે, અને સ્પર્શથી ધન હરેછે, તથા સંભોગથી બળ હરેછે, માટે સ્ત્રી સાક્ષાત રાક્ષસી છે. સ્ત્રીનું મૂલ

છપો.

કાન સુણી લાખની, ક્રોડની નયણે દેખી;
બોલી અબજને મૂલ, સર્વ પૂરે તે પેખી;
નજર ભરી રસ બસ્સ, દશ ગણી મૂલે હોય,
આલિંગન કર્તાજ, જર ઘણે મૂલે જોય;
ભામનીનો ભાર, પટંતરે, દિશે અમોલિક દામની,
ચાખી ત્યારે ચીતથી ટળી, કોડી એક ન કામની. ૬

એટલા માટે સાંભળ્યાથી રાજાને તેમાં ઘણો માલ છે એમ લાગ્યું., માહા ફીકરમાં તે રાત વીતી, અને એવો વિચાર કરે કે ક્યારે હું તે સ્ત્રીને નજરે દેખું. વળી વિચાર્યું કે જો આ વાત પ્રધાન જાણે, તો મારી આબરૂ ઘટે, માટે એક પ્રપંચ રચવાનો મનમાં ઠરાવ કર્યો.

સવારમાં ઉઠીને તેણે કચેરી ભરી, ત્યારે પ્રધાન પણ આવ્યો, તેને રાજાએ ઘણું માન દીધું અને કહ્યું કે લાખો નાણું લેઇને કચ્છ દેશમાં સારા સારા કચ્છી ઘોડા ખરીદ

કરવા જાઓ. સાથે ફોજ રાખજો, અને ઘણું નાણું સાથે રાખજો. આ વખત બીજી વાત કાઢશો નહિ, ઉઠો તરત એ કામ વાસ્તે જાઓ. જો અમને સુખ ઉપજાવવું હોય, તો આ વખતમાં તમે દુઃખ લગાડશો નહિ.

પ્રધાન બોલ્યો કે મહારાજ, હાલ ઘોડાની શી જરૂર છે? આજ રિક્તા તિથિ તથા વૈધૃત વ્યતિપાત જેવો અવજોગ છે, માટે પરદેશ જતાં કંઈ ઉત્પાત થાય. માટે કાલ કે પરમ દહાડે સારૂ મુહુર્ત્ત જોઈને જઇશ, ને સારા ઘોડા આપને લાવી આપીશ.

રાજા બોલ્યો કે તું મારા મનની વાત જાણતો નથી, અમે જે કામ કરવાનું ધારિયે તે પાર પાડિયે ત્યારેજ રહિયે. અને જ્યારે રાજસભામાં અમારો હુકમ રદ થાય, ત્યારે અમે રાજા શેના?

આજ જો કાંઈ અવજોગ હશે, તો તે પ્રથમ અમને નડશે, તે પછી તને નડશે, અને જો તું આજ જવાની ના પાડે, તો પ્રધાનપણું છોડી દે. ચાકર તેનું નામ કે જે હુકમ પાળે, અને માણુસ તેનું નામ કે જે પોતાનો કોલ પાળે, સ્ત્રી તેનું નામ, કે જે પતિવ્રત ધર્મ પાળે, બ્રાહ્મણ તેનું નામ કે જે પોતાનાં ખટકર્મ પાળે, પવિત્ર માણુસ તેનું નામ કે જે આચાર પાળે, હરિજન તેનું નામ કે જે સંસારમાંથી પ્રીતિ તજે, અને રાજા તેનું નામ કે જે પ્રજાનું પાલણ કરે, સત્યવાદી તેનું નામ કે જે જુઠું ના બોલે, પંડિત તેનું નામ કે જે જુનાં શાસ્ત્રો ભણે, સત્વ ગુણી

તેનું નામ કે જે ડાહ્યો હોય, જોગી તેનું નામ કે જે જોગ પાળે, સંસારી તેનું નામ, કે જે ભોગ ભોગવી જાણે, વ્રત ધારી તેનું નામ કે જે વ્રત પાળે, દુઃખભંજન તેનું નામ કે જે પારકાં દુઃખ ભાગે, પુત્ર તેનું નામ કે જે બાપનું ગયાં શ્રાદ્ધ કરે, જગતમાં જીત્યો તે કહેવાય કે જે ગંગા સ્નાન કરે, ધનપતિ તેનું નામ કે જે ધર્માર્થે કામ કરે, સન્યાસી તેનું નામ કે જે બ્રહ્મજ્ઞાન પામે, રજ્યો તેનું નામ કે જે પોતાને હાથે ખરચે, સારી સ્ત્રી તેનું નામ કે જે પતિને સ્વર્ગમાં સાથે લેઇ જાય, ભગત તેનું નામ કે જે ભગવાનને ભજે, જેણે સંસારની વિભૂતિ તજી તેણેજ વિભૂતિ ધરી કહેવાય. (વિભૂતિ વૈભવ અથવા ભભૂતિ) આશાધર તેનું નામ કે જે કોઇની આશા રાખે નહિ. તેમજ પોતાના રાજાનું માન રાખે તેજ પૂરો પ્રધાન કહેવાય, માટે આ સમામાં તું મારો ખાસો પ્રધાન છે તો મારો હુકમ માન્ય.

પ્રધાન બોલ્યો કે ઓ શેહેરના ધણી સાંભળો, હું કહુ તેથી આપ લગારે રીસ કરશો નહિ. કહ્યું છે કે જે પાસા પડે તે દા, અને રાજા બોલે તે થાય, અને જે નિર્ધન બોલે તે થાય નહિં, બોલ્યું પાળે તે શાહ કહેવાય, અને પંચ પ્રમાણે કરે તે ન્યાય કહેવાય, જે આચાર ભૃષ્ટ તે મોટો અન્યાય, જે મારે તે ઘાયલ પણ થાય, ભૂખ્યો ગમે તે ખાય, બહેકયો તે કેહે જે ગંમેતેમ બકે, જે નાહો જાય તે ભયભીત કહેવાય, આંધળો ઘરમાં જારકર્મ કરે, ફટકયો તે ગમે

ત્યાં જાય, અણુ ચાલતે કહે કે ગમે તે થાય, ઓસડ તેનું નામ કે જેથી રોગ જાય, પ્રથ્વીનું પાલન કરે તે રાજા, જે ધવરાવે તે મા, અતિબળિયો તે કે જેને સૌ ચહાય, દુઃખિયો તે કે જે પરદેશમાંજ રખડે, ગૃહસ્થ તે કે લહાણાં લહાય (મતલબ કે પોતાના ધનથી બીજાઓને ફાયદો કરે) પૂન્ય તે કે જે કાંઇ પરમાર્થે થાય, સુખિયો તે કે જેની કાયા નિરોગી હોય, જે સૌનું ભલું કરે તે આખી પૃથ્વીનો રાજા, તેમજ રાજાનો હુકમ થાય, તેજ ચોખો દહાડો. અને ચાકર તેનું નામ કે જે ધણીનો હુકમ માથે ચડાવે. એમ કહીને પ્રધાન તરત ઉભો થયો અને એક ઘડીની પણ વાર લગાડી નહિ. પોતાની ફોજની તૈયારી કરી અને ઘણું નાણું પોતાની સાથે લીધું અને કચ્છ દેશ તરફ વિદાય થયો.

પ્રધાન ઘોડા ખરીદ કરવા કચ્છ દેશ તરફ ગયો એટલે નંદરાજા પોતાની નઠારી મતલબ વાસ્તે મનમાં ઘણો રાજી થયો. પછી જ્યારે દહાડો આથમ્યો અને રાત પડી ત્યારે પોતે મતલબ પાર પાડવાનો વિચાર કર્યો, પણ તે વાત બીજા કોઇને કહી નહિ. કહ્યુંછે કે—જે કામાતુર થયો તેને બીક કે લાજ ન હોય, લોભાતુરને મન સગાં કે મિત્રની ગણતી ન હોય, ચિંતાતુરને સુખ કે ઊંઘ ન હોય, અને ક્ષુધાતુરને બળ કે મોં ઉપર તેજી ન હોય.

શામળભટ કવિ કહે છે કે જેનામાં જાર બુદ્ધિ વશી તેને લાજ કે મરજાદ શાની હોય ? જેમ કે ગુણકાને મન લાજ શાની ? આળસુને મન ઉદ્યોગ શાનો ? ભીખારીને મ-

ન ઉપભોગ શાનો ? જોરાવરીથી જોગી થાય, તે જોગ શાનો ? ભાંગ પીવાના વ્યસનીને અથવા ભંગિયાને નાત શી? વ્યસનીને જાતિ ભેદ શાનો ? પાપ કરે તે પવિત્ર શાનો ? જે આપણું ભુંડું તાકે તે મિત્ર શાનો ? અકરમીને ઉદ્યમ શાનો ? મરદાંને હસવું કેવું ? શેઠાઇમાં સત્ય શાનું ? પટેલાઇમાં સાલસાઈ શી ? પરમાર્થમાં પાપ શાનું ? સિદ્ધાઇ વાળાને શ્રાપ શાનો ? રંડાપો ભોગવે તે સતી શાની ? પીડા દે તે પતિ શાનો ? સંતોષીને દુઃખ શાનું ? અને છેક નિર્ધનને સુખ શાનું ? દાતારને મન ધન શી ગણતીમાં ? શૂરાને મન શરીર શી ગણતીમાં ? સારી સ્રીવિના સંસારના ભોગ શા ? શુદ્ધ અંતઃકરણ વિના જોગ શાનો ? દરીદ્રીને ડહાપણ શાનું ? પુત્રવિના ઘરંસૂત્ર શાનું ? નાત ન હોય ત્યાં નાતની રીત શાની ? ઉલટ વિના પ્રીત શાની ? ગુણ વિના રૂપ શા હિસાબમાં ? પ્રજાને પીડે તે રાજા શાનો ? વિવેક વિના વિદ્યા શીગણતીમાં ? જે વાત લોકમાં ચાલે નહિ (મનાય નહિ) તે નિંદા શી ? કંઠ વિના ગાન શાનું ? તાળ વિના ગાનનું માન શાનું! દયા વિનાનું તે દાન શાનું ? બડાઈ વિના આદરમાન શાનું ? હરિજનને મન સંસાર શી ગણતીમાં ? સાચી વાત કહે તેમાં ખાર શાનો ? બીજાની કહેલી વાત કહે તે કવિ શાનો ? શિખી લીધેલી વાત તે નવી શાની ? ચોરે બેશીને બોલે તે ચાડિયો શાનો ? પંડેલું ધન આપે તેમાં પાડ શાનો ? જેને વેહેવાર નહિ તેને વેપાર શાનો ? જેનામાં ગાંડાપણું હોય તેનો ભા-

ર બોજ શાનો? તેમજ જોરાવરને મન બીક શાની? માટે નિર્ભય થઇને રાજા ચાલ્યો. તે બે પહોર રાત જતાં દીવાનના દરબાર પાસે ગયો, તેને દરવાજે લોઢાનાં કમાડ વાશેલાં હતાં, તે રાજાએ હાથવતે ઠોકયાં, ત્યારે ત્યાંનો દરવાન જાગતોજ હતો. કહ્યું છે કે જેને ઝાઝુ ધન હોય તે ઉંઘે નહિ, તેમજ જેને ઘણી ફીકર હોય તેપણ ઉંઘે નહિ, વરસાદ વરસતાં મોર જાગે, અંધારી રાતે ચોર જાગે, જેના ઘરમાં સાપ હોય તે ઉંઘે નહિ, દીકરીઓનો બાપ ઊંઘે નહિ, (તેને ચિંતા ઘણી હોય) જેને માંથે વેર હોય તે ઉંઘે નહિ, જેણે ખુન કર્યું હોય તે ઊંઘે નહિ, ઈશ્વરની ભક્તિમાં જેનું મન હોય તે ઊંઘે નહિ, જે ઘણો કરજદાર હોય તે ઊંઘે નહિ, છીનાળવો ઊંઘે નહિ, ઉત્તમ કુળની સ્ત્રી ઝાઝુ ઊંઘે નહિ, જેના શરિરમાં રોગ હોય તે ઊંઘે નહિ, જોગ' સાધના કરે તે ઊંઘે નહિ, તેમજ નિમક હલાલ ચાકર પણ ઉંઘે નહિ.

દરવાન મનમાં ડરીને બોલ્યો કે અરે ભાઈ, આટલી મહાજમ રાતે કોણ છે? જે હો તે સવારે આવજો, અત્યારે હું દરવાજો ઉઘાડનાર નથી, અમસ્તા ખોટી થશો તો વખત ખોશો. ત્યારે નંદરાજા જંખવાણો પડ્યો. કહ્યુંછે કે બ્રાહ્મણ મૂર્ખપણાથી જંખવાય, ઉત્તમ માણસ ખોટે રસ્તે જતાં જંખવાય, મોટું માણસ માનભંગ થવાથી જંખવાય, વચન ભંગ થવાથી રાજા જંખવાય, પંડિત બોલતાં ચૂકે તો જંખવાય, સ્ત્રી ભારઓાજ ઉતર્યાંથી જંખવાય, તેમજ

રાજા નઠારા કામ વાસ્તે ગયેલો માટે જંખવાયો તો ખરો પણ બોલ્યો કે અરે ભાઇ ઉઘાડ. હું નંદરાજા છું, મારે પ્રધાનના ઘરમાં જવું છે. ઘણું જરૂરનું કામ છે માટે હું આ ટાંણે આવ્યો છું, જો તું નહિ ઉઘાડે તો નુકશાન થાય એવું છે, માટે તું મારૂં કહ્યું માન, અને જલદી બારણું ઉઘેડીને સલામ કર, અને તારે જે જોઇએ તે મારી પાસેથી માગીલે. ત્યારે પોળીઓ સ્નેહની રીતે બોલ્યો કે હે રાજાજી, મેં આપના મનની વાત વરતી છે, માટે હું બારણાં નહિ ઉઘાડું. આ વેળાએ તો ચોર કે વ્યભિચારી બાહાર નિકળે, માટે પાછા ફરીને જાઓ અને તમે તમારો ભારબોજ રાખો. તમારો પ્રધાન ઘેર નથી અને તેની સ્ત્રી સાથે તમારે શું કામ છે? અડંધી રાતે એકલા આવ્યા છો તે તમને લાયક નથી.

ઊંદર અને બિલાડીને મેળાપ હોય નહિ, બકરીનો અને વાઘનો ખેલ હોય નહિ, હાથી અને સિંહણ એકઠાં રમે નહિ, ગરૂડને અને સર્પને એકઠાં ગમે નહિ, અગ્નિ અને ઘી એકઠાં રહે નહિ તથા કોયલ અને કાગડો એકઠાં રહે નહિ. તે જો રહે તો ઉલટું કહેવાય, તેમજ આપ જાતે પુરૂષ છો તેને સ્ત્રી સાથે શી વાતચિત કરવી હોય? રાજા બોલ્યો કે તું બારણું ઉઘાડ અને મને હવેલીમાં જવાદે. હું જેમ જેમ તારો ભાર રાખુંછું, તેમ તેમ તું વાર લગાડેછે, પણ હવે હું ખરૂં કહુંછું કે જો તું બારણું નહિ ઉઘાડે તો હું આ મહેલ પડાવી નાંખીશ. પ્રધાનનો જીવ લેઈશ, અને તને પણ મોટી

શિક્ષા કરીશ, ત્યારે તારૂં શું જોર ચાલશે ? મારા શેહેરમાં રહે તેને મારો ચોર હું ઠરાવી શકું. જો તું તારા ધણીનું રૂડું ચહાતો હોય તો તું મારૂં માનરાખ. "જો દોહણી રહે અને દૂધ પણ રહે" એવું તું ઇચ્છે તો અક્કલ પહોચાડીને કાંઈ વિચાર કર. મારા મનમાં તો કાંઇ નઠારો વિચાર નથી, પણ તું ખાલી મનમાં વહેમ રાખેછે. કહ્યું છે કે "મૂર્ખ મિત્ર હોય તે શત્રુના જેવુંકરે," તેમ તું તારા ધણીનું કામ બગાડવા બેઠોછું. માટે જો તારામાં કાંઈ ડહાપણ હોય તો સમજ કે બારણું ઉઘાડવાથી તારો પણ અર્થ સરશે.

દરવાન બોલ્યોકે રાજાજી સાંભળો. હું બીવરાવ્યો જાઉં એવો નથી, પણ ફક્ત લાલચુને માટે અહીં નોકર રહ્યોછું, માટે કાંઇ મળે તો ખુશી થાઉં. કહ્યું છે કે જેનો કબજો હોય તેરાજા, બીજો મન રાજા, ત્રીજો જેની ગરજ પડે તે રાજા, અને ચોથો જેની ઓશિયાળ હોય (એટલે તાબેદારી કરીએ તે) તે રાજા કહેવાય. માટે આ વખતે તો હું રાજાછું. ત્યારે રાજાએ તરત પોતાના કાનમાંથી બે કુંડળ કાઢયાં જેની કીંમત કરોડ કરોડ રૂપીઆની હતી તે દરવાનના હાથમાં આપ્યાં. કહ્યું છે કે ધન દેખીને સતીનું મન પણ ચળે, ધનના લોભથી સૌ આવીને મળે, ધન દેખીને સૌ પ્રીત કરે, ધનથી બધી રીત ચાલે ધનથી લાભ અને ધનથીજ હાણ થાય, ધનથી હુકમ ચાલે, ધનથી જીવ જાય, અને ધનથી જીવ રહે, ધનથી ગાંડાને ડાહ્યો કહે, ધનથી કાયરને સૂરો કહેવાય, ધનથી મેલાને તેજસ્વી કહેવાય, ધનથી ચોર અને ધનથી શાહ કહેવાય, ધનથી રાં-

કને રાજા કહેવાય, ધનથી કૃપણને દાતાર કહેવાય, ધનથી બચાવ, ને ધનથી મોત થાય, ધનથી શત્રુ ને ધનથી મિત્ર થાય, ધનથી અપવિત્રને પવિત્ર કહેવાય, જગતનું જીવન ધનછે, અને ધનથી બધું શોભેછે. કેમકે કુંડળ આપ્યાં કે તરતજ તેણે બારણું ઉઘાડયું, પછી તે રાજા મહેલમાં ગયો. ત્યાં ઈંદ્રાસનના જેવી શોભા તેણે દીઠી અને એવો તો મહેલ દીઠો કે ત્યાં સર્વે પ્રકારની શોભાહતી. ત્યાં પરશાળમાં એક પોપટનું પાંજરૂં હતું. તે રંગેલું અને પાંચ જાતનાં રત્નોએ જડેલું હતું, અને ઓરડામાં એક પાટ ઢાળેલી હતી, તેરસ્તે ચાલીને રાજા ગયો; ત્યાં પ્રધાનની સ્ત્રી આવીને બેઠી, તે રાજાએ વેગળેથી દીઠી. તે એવી તો રૂપાળી હતી કે આખી પૃથ્વી ઉપર કોઈ એવી રૂપાળી સ્ત્રી જોવામાં આવેલી નહિ.

ચંદ્રના જેવું મુખ, મૃગના જેવી આંખો, તેની કેડનો લાંક સિંહની કેડના જેવો, હંસના જેવી અથવા હાથીના જેવી ચાલ, અને શરદ પુનમના ચંદ્રનો પ્રકાશ પડે તેવો પ્રકાશ તેના મુખનો પડતો હતો, જેવો ફુલનો વેલો હોય કે જેવી બાગમાં કેળ હોય, કે જેવી ચંપાની કળી, કે જેવી આકાશમાંની વિજળી હોય, કે જેવી રત્નોની હાર હોય, કે જેવી દેવાંગના સાંભળવામાં આવેછે અથવા જેવી નાગ કન્યા સાંભળવામાં આવેછે કે જેવી ઈંદ્રની અપ્સરા હોય, એવી મદ ભરેલી અને મત્સરવાળી અને કમળના જથા જેવી દીઠી. તેની આંખો કમળની પાંખડિઓ જેવી. અમૃત જેવાં તો તેનાં વચન, અને પોયણીના પાન જેવું પેટ, પરવાળાં જેવા રાતા હોઠ, કણેરની

કાંબ જેવી કાયા, જાણે કે રૂપનો ભંડાર એના જેવી બીજી કોઈ સ્ત્રી દીઠેલી નહિ. ખજંન પક્ષી જેવાં ચપળ નેત્ર, ચકવા ચકવીની જોડ જેવાં અથવા સોનાના કળશ જેવાં બે સ્તન, અને તેના શરીરમાં લગારે ખોડ ખાંપણ નહોતું, કેળના પાંદડા જેવો વાંસો, હોલાના જેવું ગળું, અને તેના શરીરનો રંગ ઉજળો હતો.

તે ચતુર સ્ત્રીની નખથી ચોટલા સુધીની શોભા જોતાં વિરહવંત રાજા હતો તેને મોહનાં બાણ વાગ્યાં, જેમ ચમક પાણથી લોઢું ચળે, જેમ અગ્નિથી ઘી ઓગળે, તેમ રાજાના આખા શરીરમાં કામાગ્નિ વ્યાપ્ત થયો, અને ઘણો આકુળ વ્યાકુળ થયો. પોતાના ધર્મ અને કર્મ તે ભૂલી ગયો, અને કામને વશ થયો. તે સ્ત્રી ઉપર એવો મોહીત થઈગયો કે તેને બીજું કાંઇ સુજ્યું નહિ.

પોતાના દેવને ભૂલી ગયો, ગુરૂને ભૂલી ગયો (મતલબકે દેવનો ભય અને ગુરૂનો ઉપદેશ ભૂલી ગયો) લાજ અને નિયમ પણ ભૂલી ગયો, પોતાનો રંગ મહેલ, પોતાનું શેહેર, એ બધું ભૂલી ગયો અને તે સ્ત્રી ઉપર પ્રેમ લાગ્યો. જોતાં જોતાંમાં તે સ્ત્રી પાસે ગયો અને જેમ ચકોરપક્ષી ચંદ્ર તરફથી નજર ખસેડેનહિ, તેમ તેની નજર તેસ્ત્રી તરફ ઠરી હતી.

પાંજરામાં પોપટ અને પાટ ઉપર સ્ત્રી બેઠી હતી તે બંને એ રાજાને આવતો જોઈને વિચાર કર્યો, અને તેઓએ રાજાના મનની વાત જાણી કે તે કામાંધ થયેલોછે. પોપટ બોલ્યો

કે બાઈ ફીકર રાખશો નહિ, પરમેશ્વર આપણી લાજ રાખશે, કાંઈ બીશો નહિ, હું રાજાને શિખામણ દેઇશ અને તમે મને અજ્ઞાની પક્ષી જેવો જાણોછો, પણ આજ હું કેવું કામ કરૂંછું તે જોઈ લેજો.

પોપટ બોલ્યો કે ઓ પૃથ્વીના ધણી, પૃથ્વીના પાળનાર નંદરાજા આપ આનંદ ભર્યા ભલે પધાર્યા! તમે પ્રજાના પાળનાર છો, તમે જગતના બાપ જેવા છો, પ્રધાન તમારો પુત્ર છે માટે હું જાણુંછું કે આપ તેના ઘરબારની સંભાળ લેવા પધાર્યા છો. તે તમારો પુત્ર ઘેર નથી અને તેની સ્ત્રી હાજર છે. તે તમારે આશરે છે, અને તે તમારી દીકરી બરાબર છે, માટે તેની સંભાળ લેવી આપને યોગ્ય છે, કેમકે ને તમારાં છોકરાં છે, રાજા તે તો પ્રજાનો બાપ છે, અને પ્રજા તે રાજાનાં છોકરાં છે, એવી સાક્ષી શાસ્ત્ર પણ પૂરેછે, તે અક્ષરો સાચા છે.

એમ કહીને બાઇને કહ્યું કે ઓ બાઇ આવો બારણે બેસો, આ રાજા, તમારો બાપ છે, તે તમારે વાસ્તે સાસરવાસો લાવ્યા છે, તેની તમારે શરમ શાની? આપણે એનાં છોકરાં છિયે, અને એતો આપણો બાપ છે. માટે બાપની આગળ બેસો, અને મનની વાત કહો.

પોપટનાં વચન સાંભળીને, બાઇ ધીરજ રાખીને બોલી કે અરે મારા વીર, પોપટ, સાંભળ તું વધતા બોલ બોલીશ નહિ, કેમકે નંદરાજાને રીસ ચડશે. પ્રથમ આપણે

રાજાનો વિચાર કેવો છે તે જાણિયે તે પછી તેનો ઉત્તર આપિયે. એ રાજા ધર્મનો અવતાર છે અને વિવેકના બધા વિચાર તેઓ જાણે છે. ચોદે વિદ્યાના ગુણ જાણે છે. આપણે મોઢે એનાં વખાણ શાં કરિયે ? એ તો ચતુર છે માટે તારૂ બોલ્યું સાંખી રહેશે પણ કોઈ મૂર્ખ હોયતો તને મારી નાખે માટે હે ભાઇ, તું છાનો રહે, ઝાઝી વાત શા વાસ્તે કરે છે. મને એમ લાગે છે કે ચતુર નંદરાજાને વળી બીજાની શિખામણ શી ? કહ્યુંછે કે—સોનાની આગળ કથીર શી ગણતીમાં ? ચતુર આગળ પારશી (સમશા) શી ? હનુમાનની આગળ ઠેકડો શી ગણતીમાં ? ક્રોડની સંખ્યા આગળ એકડો શીગણતીમાં ? ચૌદ જાણે તેને ચાર શીગણતીમાં ? સત્યવાદીને કોઈનો ભારબોજ શી ગણતીમાં? પુત્ર ઉપરની પ્રીત આગળ બીજી પ્રીત શીગણતીમાં ? શામવેદનાં ગીત આગળ બીજાં ગીત શી ગણતીમાં? પરમેશ્વર આગળ પાખંડ શી ગણતીમાં? દૈવગતિ હોનાર આગળ બીજી શિક્ષા શી ગણતીમાં ? કરજ આગળ બીજાં દુઃખ શીગણતીમાં ? સતી સ્ત્રી જેને હોય તેના સુખ આગળ બીજાં સુખ શી ગણતીમાં ? બ્રાહ્મણની નાત આગળ બીજી નાત શી ગણતીમાં ? સત્યવાદી કહેવાય તેની આગળ બીજી કિર્તી શા હિસાબમાં ? ગંગાનદી આગળ બીજી નદી શા હિસાબમાં ? ચાડિયો કહેવાય તેની આગળ બીજી અપકીર્તી શા હિસાબમાં ? શિવની પ્રસન્નતા આગળ સિદ્ધિ શા હિસાબ માં ? રાજપદ્વી આગળ દોલત શા હિસાબમાં ? ભિખ માગ-

વા આગળ બીજું ભુંડું શાહિસાબમાં ? જેનું રોગી શરીર હોય તેનાથી પછી કંદ્રપપણું શું ? ચંદ્ર આગળ તારો શી ગણતીમાં ? સૂર્યના તેજ આગળ આગિયો જીવડો શી ગણતીમાં ? મૂર્ખપણા આગળ બીજું હીણપણું શીગણતીમાં ? મોતની આગળ બીજી ઘાત શીગણતીમાં ? પુન્યની આગળ બીજું સારૂ કામ શું ? રામનામ આગળ બીજાં નામ શીગણતીમાં ? કાશિવાસ આગળ બીજા સ્થળનો વાસ શીગણતીમાં? બરાસના સુગંધ આગળ બીજો સુગંધ શી ગણતીમાં? નરકના દુઃખ આગળ બીજાં દુઃખ શી ગણતીમાં? તેમજ નંદરાજાના ડહાપણ આગળ બીજાનું ડહાપણ શી ગણતીમાં ? એને શિખામણ આપે એવો (એટલે એનાથી ડાહ્યો) બ્રહ્માયે કોઈ સરજ્યો નથી. સર્વેલોક એનાં તાબેદાર છે, એના આગળ ડહાપણ દેખાડવું તે ફોગટ છે.

ત્યારે પોપટ બોલ્યો કે, ઓ બેહેન મારાં વચન સાંભળો, માબાપ આગળ છોકરાં જેવાં ચેન કરે તે ચાલે, બાળક અન્યાય કરે તે માબાપ મનમાં ધરે નહિ, એમ વેદમાં અને પુરાણમાં લખેલું છે, એવું જાણીને મેં રાજાને વચનો કહેલાં છે, અને વળી હું જાણું છું કે હવે પણ હું જે કહીશ તેથી રાજાજીને રીસ ચડશે નહિ. જો વાડ ચીભડાંને ખાય તો મોંઘી વસ્તુઓ કોઇને મળે નહિ, જો ખળું અન્ન ખાઈ જાયતો એકે માણસ જીવે નહિ, જો આંખો કેરીઓ ખાઈ જાયતો તેનો ચોર કેમ પકડાય ? જો નવાણ (કુવો, વાવ્ય વગેરે) પાણી પી જાય તો એકે જીવ જીવે નહિ, જો મા-

ના દુધથીજ બાળક મરી જતું હોયતો પછી શાથી જીવે? જો સત્યવાદી જૂઠું બોલે તો પછી સાચું કોણ બોલે? જો દીકરી ઉપર બાપ કુદૃષ્ટી કરેતો પછી તેનો બચાવનાર કોણ? જેની વહાર ચઢવાની આશા હોય તેનીજ ધાડ આવે તો પછી દેશનું રક્ષણ કરનાર કોણ? જો વરસાદ પથરા વરસાવેતો કેને માથે વાંક મૂકીએ? જો પોતાની સ્ત્રી ઝેર દેતો પછી સાચવનાર કોણ? ફુલનો હાર પહેરીએ તેજ સાપ થઇને વળગે તો પોતાનું શરીર કોણ જાળવી શકે? અમૃત જાણીને પીએ તે ઝેર થઇ નિવડેતો કેને દોષ દઈએ? જો કુંડળ કાનને કરડી ખાય તો કેની આગળ જઇને કહિયે? ચંદન જાણીને શરીરે ચોપડિયે તે આગ થઈ લાગે તો પૂરાં પાપ જાણવાં. મોટા જાણીને તેને શરણે જઇયે તેજ ઘાત કરે તો મરીયે એમાં શી નવાઈ? ઘરના કારભારીજ ઘર ધણીનીજ ચાડી ખાય તો તે દુઃખ કેને કહિયે? જો પેહેરેદાર ચોરી કરેતો ખજાનો શીરીતે રહે? જો શાહુકાર થાપણ ઓળવે તો સાહેદી પૂરનાર કોણ? જો રૈયતને કોઇક પીડા કરે તો રાજા તેને શિક્ષા કરે; પણ જો રાજાજ રૈયતને લૂટી લે તો પછી પ્રજાનાં પૂરાં પાપ જાણવાં. જો રૈયત ઉપર રાજા કોપે તો બિચારી ગરીબ રૈયત શો ઉપાય કરે પણ એક પરમેશ્વર તેને પૂછનાર છે, એવું વેદનુ વચન છે, કે જે રાજા પ્રજાને જેટલું દુઃખ દે તેથી લાખગણું દુઃખ તેને ભોગવવું પડે. જો મોટાએ નઠારાં કર્મ કરેલાં હોય તો તે રાજ્યાધિકાર કેમ પામે.

એવી રીતે પોપટ અને બાઈ માંહોમાંહે વાતો કરતા હતાં તે નંદરાજા મન દેઇને સાંભળતો હતો. તેથી તે પાપથી બીન્યો અને કાંઇક મનમાં જ્ઞાન ઉત્પન્ન થયું, ને જાણ્યું કે આતો પુત્રી અને બેન કહે છે તો તેના આગળ હવે મારાથી નઠારા ચાળા કેમ થશે ?

રાજાને એકે વાત સૂજી નહિ અને જઈને પાટ ઉપરતો બેઠો. બાઇએ ઉભી રહીને તેને આવકાર અને માન દીધું અને તેની આગળ પાન તથા સોપારી મૂકયાં ત્યાં વળી પોપટ બોલ્યો કે ઓ બાઇ સાંભળો, તમે હેત કરીને બાપજી સાથે બોલો. તેઓ તમને દીકરી કરીને માનશે. અને તમારા મનની ઇચ્છા હશે તે તમને આપશે. તે રાજાજી રૂડીરીતે આપણે ઘેર વીર પસલી લઇને આવ્યા છે. તે તમારો ભાઈ તે તમારો બાપ, અને તેજ તમારૂં મોસાળ જાણો, અને આપણા ઉપર તેમનું ઘણું હેત છે, એ તો નોધારાનો આધાર છે, એને માથે આખી પૃથ્વીનો ભારછે, તમે તેની દીકરી, તમે તેની બેહેન, અને તમે તેની ભાણેજી છો અને તેમનુ હેત આપણા ઉપર ઘણું જણાય છે. પૃથ્વીપતિ તે પ્રજાનો બાપ કહેવાય, એવો વિવેક તેઓ બધો જાણે છે.

ત્યારે વળી પોપટના સામું જોઇને બાઇએ કહ્યુ કે એ કામાંધ છે માટે ગુસ્સે થશે તો તને મારી નાંખશે. જો આટલા જણાતો આંધળા કહેવાય એકતો જેને જુવાનીનો તોર

ચઢ્યો હોય, ને બીજો. કામાતૂર, ત્રીજો ધનનો મદ જેને હોય તે, ચોથો છાકટો હોય તે, પાંચમો જીવ ઉપર આવ્યો હોય તે, છઠો જેને ક્રોધ ચઢ્યો તે, સાતમો જે ચકદાયો હોય તે, અને આઠમો વ્યસની એટલા જણા કાંઈ વિચાર કરે નહિ. એની મરજી તોડીયે તો જરૂર મારી નાંખે. માટે તું વિચારીને વાત કર, અને તેમને મીઠી લાગે એવી વાણી બોલ.

એવાં બાઈનાં વચન સાંભળીને પોપટ બોલ્યો કે બાઈ, સાંભળો એતો સાક્ષાત જગતપિતા છે, તેને કામનો મદ, અને જુવાનિનો મદ શું કરી શકે? પણ તારા જેવી અજ્ઞાની સ્ત્રી મેં કોઈ નજરે દીઠી નથી. તું વહેમ લાવે છે પણ હું એક દાખલો કહું તે સાંભળ. જો રાજાને કપટ કરીને આવતું હોતતો તેને પૂછનાર કોણ હતું? પ્રધાનને પરગામ મોકલવાની એને કાંઈ જરૂર નહિ, અને વળા પોતે એકલા ચાલીને અહિં શું કરવા આવે? કેમ કે ખરે બપોરે આપણો મેહેલ તોડાવી પાડતાં એમને શું મુસ્કેલ હતું? એતો મહા જોરાવર છે, તે ચહાય તો પ્રધાનને તરત કેદખાનામાં મોકલે, પણ તેઓ જાણે છે કે માથે પરમેશ્વર છે; માટે તેઓ કદી નઠારૂં કામ કરેજ નહિ. જો નંદરાજા સત્યતા તજે, તો પછી પ્રજાના શાહાલ થાય? જો કોઇ રાજા એવું દુષ્ટ કર્મ કરે તો મેઘ વૃષ્ટિ કેમ કરે? જો વગર વાંકે રાજા હેરાન કરે તો આ બ્રહ્માંડ ભાગી પડે. જો નંદરાજા કોઈને આળ ચઢાવે તો પૃથ્વી રસાતાળ જાય,

માટે એ બાઈ એક વાત હું તમને કહું તે સાંભળો. એ-તો આપણી સંભાળ લેવાને વાસ્તે આવ્યા છે. આપણે ઘે-ર આજતો દૂધનો અથવા સોનાનો વરસાદ થયો એમ જા-ણવું. આળસુને ઘેર ગંગાજી પધાર્યાં. આજ આપણે મન મોટો આનંદ ઓચ્છવ થયો. એમ સમજીને રાજાજીને રૂડી રીતે આદરમાન આપો, અને કહો કે અમારે ઘેર આજ આપ ભલે પધાર્યા.

એવાં પોપટનાં વચનો સાંભળીને રાજાને વધારે જ્ઞાન થયું. પછી બાઈએ હેતે કરીને આસન બેસવા આપ્યું અને પોતે તેની પાસે ઉભી રહી, ને વાત કરવા લાગી કે એ મહારાજા સાંભળો. અમારા સરખું કાંઇ કામકાજ હોય તે ફરમાવો. આપના પધારવાથી આજ અમારૂં ઘર પવિત્ર થયું. અમેતો આપને આશરે છીયે. આપ અમારા ઉપર ઘણું હેત રાખોછો. એમ કહીને બાઈ રસોડામાં ગઇ. અ-ને રાજાને ભોજન કરાવા વાસ્તે શાક પાક આદિક રૂડી ર-સોઈ તૈયાર કરી. ખાટાં, ખારાં, તીખાં, તમતમાં બત્રીસ પ્રકારનાં ભોજન તૈયાર કરતાં કાંઈ વાર લાગી નહિ.

પછી રાજાને કહ્યું કે આપ ભોજન કરવા નાહિલ્યો. એમ કહીને નાહાવાનું ઊંનું પાણી તથા શરીરે લેપન કર-વા કસ્તૂરી મૂકી. તે કસ્તુરી શરીરે લેપન કરીને રાજા ન-હાયો. ત્યારે પીતાંબર પેહેરવા આપ્યું તે પૈહેરીને રાજા બે-ઠો. એટલે સોનાનો થાળ મોઢા આગળ મૂક્યો, અને તેમાં ભાત ભાતની રસોઈ પીરશી. તે ભાવે કરીને રાજા જમ્યો.

અને મનમાં ઘણો રાજી થયો. પછી જ્યારે ભાત પીરસવાની વેળા થઇ, ત્યારે વળી તે સ્ત્રીના સામું રાજાએ જોયું. ત્યારે તે બાઈ ચેતી, કે હજી તેનું મન કાંઇક કામાતુર છે. ત્યારે બાઇએ વિચાર કર્યો કે હું કાંઇક દ્રષ્ટાંત દેઇને તેને શિખામણ દઊં. પછી એક ત્રાંબાનું વાસણ (રકાબી,) બીજું રૂપાનું, ત્રીજું સોનાનું, ચોથું પીતળનું અને પાંચમું હીંકરાનું વાસણ રાજાની આગળ મુક્યું, તે પાંચેમાં થોડો થોડો ભાત પીરસ્યો. તે ભાતને જૂદો જૂદો રંગ રાતો, ધોળો, પીળો, લીલો, અને કાળો ચઢાવ્યો. તેમજ પાંચ કટોરા દૂધના ભરીને મૂક્યા અને કહ્યું કે આ કાળી ગાયનું આ ધોળીનું, આ રાતીનું, આ કાબરીનું, અને આ ગોરી ગાયનું દૂધ છે, તેના સ્વાદ જુઓ.

એ નવાઇ જેવી રીત જોઇને રાજા વિસ્મે થયો, અને હેતે કરીને તે બધા ભાત અને દૂધ ચાખી જોયાં, તો બધામાં એકજ પ્રકારનો સ્વાદ હતો. તે રાજા બત્રી લક્ષણો મહા ચતુર હતો તેથી સમજી ગયો કે આતો બાઈએ મને શિખામણ દીધી. આ ભાતના અને ગાયોના જૂદા જૂદા રંગ છે પણ ભાતનો અને દૂધનો સ્વાદતો એકજ પ્રકારનો છે. ફક્ત નજરે જોવાનાજ જૂદા જૂદા રંગ છે. હાથમાં લઇને જોઇયે ત્યારે માત્ર તફાવત જણાય છે પણ ગળે ઉતર્યું એટલે બધું સરખું છે. એવી શિખામણ સમજ્યો એટલે મનમાં જે નઠારો જુસ્સો હતો ઉતરી ગયો, અને મનમાં પસ્તાવો કરવા લાગ્યો કે અરે, મારૂં જ્ઞાન મેં ક્યાં ખોયું?

જે આ બાઇના સામું મેં કુદ્રષ્ટિથી જોયું.

એ રીતે કાંઈક શિખામણ પોપટની સાંભળીને અસર થઈ હતી અને બાકી તે બાઈની શિખામણથી રાજાનું મન ગળી ગયું, અને જમીને ઉભો થયો. ત્યારે બાઇએ પાનનું બિડું આપ્યું. તે બાઇને પોતાની આંગળિએ અમુલ્ય અંગુઠી હતી તે બાઈને આપી અને કહ્યું કે મનમાં કાંઇ વેહેમ રાખશો નહિ તમે મારી બેન છો. અને હું તમારો ભાઈછું. અને ઇશ્વિરે આપણો બંનેનો ધર્મ રાખ્યો. એમ કહીને તે બાઈને પગે લાગીને ત્યાંથી ચાલતો થયો.

રાજા પાછો વળતાં દરવાન પાસે આવ્યો. અને કહ્યું કે બારણું ઉઘાડ ને મને જવાદે. અને મારૂં કુંડળ પાછું આપ ત્યારે દરવાને કહ્યું કે હે રૂડા રાજાંજી સાંભળો. (આ દરવાન શિક્ષા લાયક હતો. પણ ફજેતી થાય માટે ફકત કુંડળ પાછુ માગ્યું) આપ સત્યવાદી મોટા રાજાછો, તમારી આબરૂનું વર્ણન કરી શકાય નહિ. આપતો મહા ચતૂરસુજાણ કહેવાઓ છો. તમારામાં બધા પ્રકારનું ડાહાપણ છે. માટે બક્ષીસ આપેલી વસ્તુ પાછી લેતાં આપના નામને બટ્ટો લાગશે. મને કુંડળ બક્ષીશ આપીને મારા ઘરમાં તમે ગયા હતા, ને વળી પાછું માગો છો તે ક્યાંનો વેહેવાર ?

રાજા બોલ્યો કે તને કુંડળ આપીને જે કામ વાસ્તે મેં ઘર પ્રવેશ કર્યો હતો, તે કામ કર્યા વિના હું પાછો વળ્યો માટે મારૂં કુંડળ પાછું લેઈશ.

(વિદુશકની પેઠે) દરવાન બોલ્યો કે રાજાજી સાંભળો.

મારી આગળ એવો અન્યાય ચાલશે નહિ. તમે બોલ્યું અ-ણબોલ્યું કરશો તો અમે કુંડળ પાછું આપીશું, પણ આ-પણે હાલ એકાંતમા છિયે માટે એક બીજુ દ્રષ્ટાંત કહું તે સાંભળો. જ્યારે ઢોરાંને પૂરી તરશ લાગી, ત્યારે તેઓને પા-ણી પીવા સારૂં હવાડે ઘાલ્યાં, તેમાંથી કોઈ ઢોર પાણી પિ-યે, અને કોઇ પાછું તરશું જાય, પણ પિયાવાનો ધણી તે-ની પિયાઇનો હક ભરી લે. (રાજાને મશ્કરીમાં ઢોરની હા-રમાં ગણ્યો.) વળી કોઈ ગોવાળિયો ગાયોને લઇને ચરાવા જાય તેમાંની કોઇ ગાય ઘાસ ચરે અને કોઈ જઇને બેશી રહે તેમાં ગોવાળીઆનો શો વાંક? તેતો પૂરેપૂરી ચરાઇ લે. કોઈ રૂડીરીતે આખા ગામને જમાડવા સારૂં ઘેર ઘેર નોં-તરાંદે, પણ કોઈના શરીરમાં રોગ હોય, અથવા ભૂખ લા-ગી ન હોય, તેથી જમી શકે નહિ, તેમાં જમાડનાર શું કરે? ડાહ્યો હોય તેતો મનમાં એમ સમજે. ગણવટ કરીને એક ખેતર કોઇને ખેડવા આપ્યું, તે ગમેતો વાવે, અને ગમેતો પડતર રાખે, પણ પેલોતો કહે કે પંઠ્યા પ્રમાણે મારૂં લાવ. પોતાના કામને વાસ્તે હાથી કે ઘોડા ખરીદ કર્યા હોય, તે પોતે નજરે જોઈ તપાશીને પછી તેની કીમત આપી હોય, ને પછી તે ગળીઓ થાય, કે મોતથી મરી જાય, તેમાં વે-ચનારો શું કરે? પોતાની ઇચ્છાથી કોઇને ચાકર રાખ્યો હોય અને તે પોતાની ખુશીથી રહ્યો હોય, પછી ગમેતો તેને કાંઈ કામ સોંપે અને ગમેતો બેસારી મૂકે, પણ મહિનો પૂરો થાય એટલે તેતો તેનો પગારં માગે. કોઈ ગૃહસ્થને

ઘેર દિકરો અવતર્યો હોય, તેથી તેનું ઘરસુતારૂં શોભ્યું હોય માટે વધામણીયે જઇને વધામણી ખાધી હોય તેને પૂ- ષ્કળ નાણું શિરપાવમાં આપ્યું હોય, પછી તે છોકરાને રાજક દૈવક થાય છે તો વધામણીમાં આપેલું પાછું લેવા કોણ જાય છે? તે છોકરો જીવતો રહે ને પછી ઘરબાર ભોગવે કે સન્યાસી થઇ જાય, પણ તેથી વધામણીઆનું શું જાય? કોઇ વેવિશાળિયો કોઈનો વિવાહ મેળવી આપે અ- ને કન્યાને રૂડો વર મેળવી આપે, પછી ગમેતો તે સાહેબી ભોગવે કે ભૂખે મરે; તેમાં વેવિશાળિયો શું કરે? બાપને બાપે ઘણી દોલત મુકી હોય તે બધીનો માલેક તે પુત્ર થયો હોય, પછી જુગાર રમીને ઘરબાર સુદ્ધાં બધું ધન ખાઇ બેસે, તો તેમાં માબાપ શું કરે? તેતો અકર્મી છોકરાનાં પાપ જાણવાં. કોઈ છોકરાને નિશાળે ભણવા બેસાર્યો હોય તેને મેહેતાજી હેત કરીને ભણાવે, અને બત્રીસ લક્ષણો કરે. પ- છી તે છોકરાને મોટા થતાં વેસ્યાની સોબત થઈ અને બ- ધી વિદ્યા ભૂલી ગયો તો તેમા મેહેતાજીનો શોવાંક?

એવાં લાખ કે ક્રોડ કૌતક કહો તો હાથ જોડીને તમારી આગળ કહી દેખાડું. અને મને શીખબર કે તમે શા કામ વાસ્તે ગયા હતાં? અને તમારો અર્થ સર્યાં કે ન સર્યાં તેની પણ મને શી ખબર? જે કામે ગયા હતા તે કરો કે બેશી રહો તે વાતનો હું કાંઈ જમાન થયો નહોતો. હુંતો મારે ઠેકા- ણે બેશી રહ્યો હતો. મેંતો મારે દરવાજો ઉઘાડયા બાબત

કુંડળ લીધાં. જો બહાર રાખ્યા હોતતો તમારે પાછું ફરવું પડત. પછી બીજે દહાડે તમારે ગમે તે તમે કરી નાખત.

ખરો દરવાન હોય તે ધનના લોભથી ખૂટે નહિ. તેમ છતાં મેં મારો ધર્મ મૂક્યો, અને જે કુંડળના લોભથી હું ચૂક્યો. તે કુંડળ હવે પાછાં કેમ અપાય? માટે મનમાં સમજીને ઘેર જાઓ. જો તમે નઠારૂં કર્મ નહિ કર્યું હોય તો આગળ જતાં તમારો ધર્મ તરી આવશે. કેમકે વેદની અને પુરાણની છાપ છે કે 'ધર્મ તરે અને પાપ બુડે'.

એવું સાંભળીને રાજાના મનમાં હેત આવ્યું, અને તેને કુંડળ ઉપર વળી સાલ આપી. અને તેને સાબાસ સાબાસ કહીને રાજા પોતાના દરબાર તરફ ગયો. એ વાત સૌસૌના મનમાં સમજી રહ્યા. પણ કોઈ બીજાને ખબર પડી નહિ. રાજા,- પોપટ, અને ત્રીજી તે બાઈ તથા ચોથો તે એક દરવાન જાણતો હતો. કવિ કહે છે કે એ વાત એટલેથી રહી અને હવે પેલા પ્રધાનની શી હકીકત થઇ તે કહુંછું.

શામળભટ કવિ કહેછે કે હું કાંઈ જાણતો નથી, પણ ઈશ્વર જેવી રીતે મારા મનમાં પ્રેરણા કરે છે તેવી રીતે હું કહુંછું.

પાંચ પખવાડિયાં એટલે અઢી મહિના પૂરા થયા ત્યારે વૈલોચન પ્રધાન આવ્યો. તે ઘણા ઉમદા ઘોડા લાવ્યો માટે રાજાએ તેને માન આપ્યું અને તે ઘોડા જોઈને સૌનાં મન ખુશી થયાં. પછી રાજાએ પ્રધાનને તેને ઘેર જવાની રજા આપી. તેથી તે પ્રધાન મલપતો મલપતો પોતાને મહેલ આવ્યો,

અને દરવાને તેને સલામ કરી. એવામાં કરોડો રૂપીઆની કીમતનાં કુંડળ દરવાનના કાનમાં પ્રધાને દીઠાં, તથા સવાલાખની કીમતની સાલ ઓઢેલી દીઠી, તે જોતાંજ પ્રધાનના કાળજામાં આગ લાગી અને તે મનભંગ થયો. તેણે દરવાન ઉપર ઘણી રીસથી આંખની ભમરો માથા સૂધી ઉંચી ચઢાવી, અને કહ્યું કે મેં તને બંદોબસ્ત રાખવાનું કામ સોંપ્યું હતું અને તેં દરવાજો સુનો કેમ મૂક્યો? કોણ આવ્યું હતું, અને કોણ ગયું હતું? અને તું લોભને વશ કેમ થયો? જલદી સાચું બોલીને તે વાત કહે, નહિ તો હું તને તરત મારી નાંખીશ. દરવાનનું કામ એ છે કે એક પળ વાર પણ દરવાજો સુનો મૂકવો નહિ. પણ અરે પાપી તું ક્યાં ફરતો ફરે છે? એમ કહીને ઘણો ક્રોધ દેખાડયો.

દરવાન બોલ્યો કે અરે મોટા પ્રધાન, સાંભળો, આપ મનમાં ધીરજ રાખો. આપ જે દીવસથી પરગામ ગયા તે દિવશથી મેં કદી દરવાજો સુનો મૂક્યો નથી. તારો દાવો જુઠું બોલે તેના ઉપર છે પણ મારો કાંઇ તલમાત્ર વાંક નથી. અને કોઈ ગરીબ માણુસ તો તારા ઘરમાં પેશી શકેજ નહિ. એટલું પણ તું મનમાં વિચારી શકતો નથી? પણ જેના ઉપર તારૂં જોર ચાલી શકે નહિ, તેવાને હું શી રીતે અટકાવી શકું? અને અંતે જે થવાનું હોય તેતો થાયજ, ત્યારે મને જે ધન મળતું હોય તે મૂકી દઉં તો મારૂં જાય.

જે ચોરીથી લે તે ઝાહેર શા વાસ્તે કરે ? જઈને ઘરમાં છાને ખુણે ડાટી મુકે નહિ ? પણ એ વાત મારા મનમાં હું છાની રાખી શક્યો નહિ, અને તારી આગળ તારી બાયડીની ચાડી ખાવી, તે પણ મને ઠીક લાગી નહિ. માટે મેં ધાર્યું કે આ કુંડળ અને આ સાલ ચાડી ખાશે. માટે આ માલ જોઈને બધી વાત મનમાં સમજી લેજે. મેં જાણ્યું કે આવી રીતે ઈશારતમાં વાત સમજાવવાથી તારૂં હેત મારા ઉપર વધશે, પણ આવી સારી વધામણીમાં તો હું તારા મોંઢાની ગાળ પામ્યો. વાહ! વાહ!

દરવાનની એવી વાત સાંભળીને પ્રધાન તો મનમાં બળીને રહ્યો અને બધી રીસ મનમાં રાખીને ઘરમાં ગયો. પેલો પોપટ અને પદ્મણી પ્રધાનની વાટ જોઈ રહ્યાં હતાં, તેઓએ વૈલોચન પ્રધાનને આવતો દીઠો તે જાણે કે રીસમાં ભરેલો જમરાજ આવતો હોય, આંખની ભમરો ઉંચી ચઢાવેલી, અને ક્રોધથી શરીરે રાતો ચોળ થઈ ગયેલો, મહાભયંકર રૂપે. દેખાયો. તેના મનની રીસ પોપટ અને પદ્મણી સમજી ગયાં, પદ્મણીએ જઈને પ્રધાનને પગે માથુ નમાવ્યું, અને કહ્યુ કે આપ મનમાંથી ગુસ્સો કાઢી નાંખો, અને આપને ખેમકુશળ છે ? વળી પોપટે વિનંતી કરીને કહ્યું કે કાંઈ મનમાં વહેમ રાખશો નહિ, તમારા પુણ્યના પ્રતાપથી ઈશ્વરે આપણો ધર્મ રાખ્યો છે.

એજ પ્રમાણે પદ્મણીએ પણ પ્રણામ કરીને પોતાના

સ્વામી સાથે વાત કરી એવામાં નંદરાજાની વીંટી તે સ્ત્રીના જમણા હાથની આંગળીમાં પ્રધાને દીઠી તેથી તો તેના અંગમાં ક્રોધની આગ ઘણી હતી તેમાં જાણે કે ઘી રેડયું અને જાણે કે ત્રણ ઠેકાણેથી રાળ, અગ્નિ અને ગંધક મળ્યાં તેથી તરત ભડકો થઈ ઉઠયો. પ્રધાન તો અન્ન ખાય નહિ, પાણી પીએ નહિ, અને લગારે ઉંઘે પણ નહિ, તથા તેને એકે વાત સુજે નહિ, અને તેના કાળજામાં જે ડાઘ પડયો તે કોઈ પ્રકારે ટાળતાં ટળ્યો નહિ, એ તો જેમ છઠીના અક્ષર પડયા, અથવા જાણે કે બીબાની છાપ પડી.

ત્યારે વળી પોપટ માથું નમાવીને બોલ્યો કે ઓ મારા ધણી, તમે મનમાંથી રીસ તજો, અને હું કહું તેથી તમે સમજો. તમારા ઘરમાં કશું લાંછન લાગ્યું નથી, તે વાતના કહો તો હું સમ ખાઉં. એમ કહીને જેમ બની હતી તેમ બધી સાચે સાચી વાત માંડીને કહી. અને કહ્યું કે ઈશ્વરે આપણી લાજ રાખી છે ને જુઠું બોલે તેને મહા પાપ લાગે, માટે હું જુઠું બોલતો નથી.

એમ પોપટે વજીરને ઘણી રીતે સમજાવ્યો, અને કહ્યું કે જે રાજા જાર થઈને આવ્યો હતો, તે બાપઅથવા ભાઈ થઈને પસલી આપીને પાછો ગયો. અને તેણે હેતે કરીને પોતાને મોઢેથી બેન કહીને વીંટી તથા સાલ આપી. તે વાતનો સૂર્યદેવ સાક્ષી છે. અને સતીનો ધર્મ પ્રભુએ રાખ્યો છે. આ વાત હું આપની આગળ સાચેસાચી કહું છું. કહો તો

તે બાબત હું અગ્નિમાં હાથ ઘાલું અને સોગન ખાઉં.

પોપટે અને પદ્મણીએ ઘણા પ્રકારથી પ્રધાનને સમજાવવા માંડયો પણ તે સમજ્યો નહીં અને ખેદ મૂકયો નહિ. જેમ જેમ તે બે જણાં વાતો કરતાં જાય તેમ તેમ વધારે ક્રોધ પ્રધાનને ચઢતો હતો. અને તે તો જાણે કે આને મારી નાંખું કે હું મરૂં. આવું ભારે દુ:ખ શી રીતે મનમાં સાંખી શકું ? વળી ધાર્યું કે આ સ્ત્રીને મારી નાંખુ તો રાજા મારા ઉપર કોપે અને મારૂં પ્રધાનપણું પણ જાય. માટે હું હળવે હળવે આ વેર વાળીશ, અને રાજાને ખરાબ કરીશ. એવી રીતે છાનું વેર તેણે મનમાં રાખ્યું, અને કોઈની શીખામણ માની નહિ. અને બોલ્યો કે, અરે મૂર્ખા પોપટ ગુણ હીણા, તું શું મોઢું લેઈને બોલે છે ? જે દહાડે રાજાએ મને પરગામ કાઢી મૂકયો તેજ દહાડે મેં તેનું મન વર્ત્યું. વળી તારી વાત મેં સાંભળી, દરવાનને કુંડળ લાંચમાં આપીને રાતે રાજા ઘરમાં આવ્યો હતો. જેનાં ચિન્હ કામાંધનાં હોય તેતો નજરે પડેલી બેનને પણ મૂકે નહિ, અને ભાઇ, બાપ કહેવાની તો ઘણી વાતો છે. તેતો ફક્ત મારી આગળ કહેવાની માત્ર છે. આ મૂર્ખી સ્ત્રીએ રાજાને જીત્યો ? અને તેના ગુણ તું મારી આગળ ગાય છે ? તમે ગમે તેવા ડાહાપણુથી સ્ત્રી ચરિત્રનાં વખાણ કરો, પણ તે વાત હું કેમ માનું ?

હું ઘણાં સ્ત્રી ચરિત્ર ભણ્યોછું, અને સ્ત્રીઓની ચતુરાઈના

બધા ચાળા હું જાણુંછું. કેટલીએક તો એવાં ડાહાપણ કરે કે જુઠી છતાં સાચી ઠરે. અને શૂરી થઈને બોલે, ઘણા ઘણા સમ ખાય, અને વળી છીનાળ છતાં સતી થઈને બળી મરે, ગરીબડી થઈને રોવા માંડે, અને સહેજમાં પોતાનો જીવ કાઢી નાંખે. એવા કરોડો ઉપાય કરે પણ પોતે જુઠી ઠરે નહી. જે ધણી સ્ત્રીનો સ્નેહ સાચો માને, તે ગુણહીણ ગમાર જાણવો.

ગમે એટલા બોલ બોલે અને ગમે તેવા સમ ખાય પણ હવે હું માનું નહિ. એ તો લોઢામાં લીટી પડી, અથવા પટોળે ભાત પડી ચૂકી. હવે તમે ગમે તેટલા ઉપાય કરો, ને ગમે તે કહો, તે પથરા ઉપર પાણી જેવું છે, અને હવે મારા મનનો વહેમ મટવાનો નથી. સો મણ લાકડાં બાળો, તોપણ હવે એ પાણિયે મગ ચઢવાના નથી, અને મારા મનનો ડાઘ જવાનો નથી. હું હૈયું કઠણ કરીને આ વખતે ધીરજ રાખુંછું. હું ઈશ્વરની આણ લેઈ કહુંછું કે સ્ત્રી ચરિત્રનો ઠાઠ હું માનનાર નથી. કહ્યુંછે કે આટલાંવાનાં સાચાં હોય નહિ. એક તો સ્ત્રી ચરિત્ર, વ્યસનીની પ્રીતિ, જુગારીનું વચન, ઓરમાનમાનું હેત, ગુણકાની લાજ, દુશ્મનની નમ્રતા, સ્ત્રીનું ડહાપણ, કાગડાની પવિત્રતાઇ, સર્પમાં અમૃત, અને રાજાની મિત્રાઈ એટલાં સાચાં ન હોય. વળી ગુણકા સતી હોયજ નહિ, ભીખારી (રાજાનો વેશ ધરે) તે રાજા કહેવાયજ નહિ, કરી લીધેલો દીકરો તે દીકરો નહિ, સંદેસે

ઓળગ પહોંચે નહિ (મતલબ કે કોઈ ઠેકાણે જવાની માનતા કરી હોય, તે ત્યાં સંદેસો કહાવવાથી માનતા વળે નહિ) ભૂતની ભક્તિ કર્યાથી સ્વર્ગે જવાયજ નહિ, સોની શાહુકાર હોયજ નહિ, ભીખારીને ઉપભોગ હોયજ નહિ, સર્પનો સ્નેહ, ગોરજીનું જોગીપણું, વ્યભિચારીની કહેલી મા, લંપટનો કોલ, સ્ત્રીના સોગન, પટેલનો ટેક, ફોકફોકના બોલ, મુગા મુગા મેળાપ કર્યો તે, નપૂસકનું નૂર, વેરીનો વિશ્વાસ, કાંગનો કુર, બ્રાહ્મણની હિમત, કણબીના કુળનું રૂપ, ગરાશિયો (સમખાતાં) ગોઝારો કહે તે, નારીનું નીર્લોભીપણું, નાત જમાડયાનું પુણ્ય, જોગીનું ગાણું, હજામનું મુની વૃત, કવિનું સત્ય, ભાટનું ભોળા પણું, ગરોડાની વિદ્યા, ચાડિયાનું સત્યપણું, ચોરનું સ્થિર ચિત્ત, અને અસુરનો આચાર એટલાંવાંનાં જે સાચાં માને તેને મૂર્ખનો સરદાર કહિયે.

પોપટ બોલ્યો કે આપે જે કહ્યું તે બધું ખરૂં છે, પણ હું પંક્ષિ જાત જુઠું નહિ બોલું, અને આ જગતમાં સૌએ સરખાં નથી, તેનાં દ્રષ્ટાંતો કહું તે સાંભળો. જુઓ કે એક જાતના શંખલા નદીમાં ઘણા રખડે છે અને એક દક્ષિણાવર્ત્ત (જમણી તરફ પડ વળેલાં હોય તે) શંખ શિવને ચઢે છે. એક જાતની સીપો શંખલાની પેઠે રખડે છે અને બીજીમાં મોંઘા મુલનાં મોતી પાકે છે. એક પથરાની મૂર્તિ દેવળમાં પૂજાય છે અને એક પથર ઉપર ધોબી લુગડાં ધુવે છે. એક પટેલ પસાયતાં ખેતર બક્ષીસ આપે છે અને બીજો પટેલ

પસાયતાં પડાવી લેછે. એક કવિ પાખંડ વર્ણન કરે છે અને એક કવિ હરિના ગુણ વર્ણવે છે. એક હીરો ક્રોડની કીમતનો હોયછે અને એક હીરો દસ બદામનો હોય છે. એક સ્ત્રી શંખણી હોય છે અને એક પદ્મણી કે ચિત્રણી હોય છે. એક દીકરો ઇકોતેર પરિયાંને તારે છે અને એક દીકરો આખા કુટુંબનો નાશ કરે છે. એક બ્રાહ્મણ ખેતિનો ધંધો કરેછે અને એક ચારે વેદ ભણે છે. એક લાકડું કેરડાનું હોય છે અને એક લાકડું બાવનાચંદનનું હોય છે. એક પાણી ઉકરડા આગળ થઇને વહેછે, અને એક પાણી ગંગાજળ કહેવાય છે. એક ભાઇની દુર્બળ અવસ્થા હોય છે અને એક ભાઈ સુખપાલમાં બેસેછે. એક સૂત્ર પાવલાનું સવા શેર મળે છે, અને બીજાું ઘણું મોંઘું વેચાય છે. એક તલ ઘાંણીમાં પીલાય છે અને એક તલથી શિવ પુજાય છે. એક ડાબો હાથ અપવિત્ર ગણાય છે અને એક જમણે હાથે ભોજન કરાય છે. એક અગ્નિ હોમના કુંડમાં હોય છે અને એક અગ્નિ મસાણની ચિતામાં હોય છે. એક બલદ બિચારો હળ ખેડે છે, અને એક રાજાના રથે જોડાય છે. એક વાણિયો વહાણવટી કહેવાય છે અને બીજો ઉઘાડે માંથે ફરેછે. એક પાન નાગરવેલનું કહેવાય છે, અને એક પાન જંગલી ઝાડનું કહેવાય છે. એક અમૃત ફળ કહેવાય છે અને એક ફળ લોકોના પ્રાણ હરે છે. એક સ્ત્રી પોતાના સ્વામિ સાથેજ પ્રીતિ કરેછે અને એક સ્ત્રી જાર પુરૂષ સાથે પ્રીતિ કરેછે. એક

ધણી સંજોકે ભીખ માગે છે, અને એક ધણી ઘણાં ઘોડાં ખરીદ કરે છે. એક ગરાશિયો પોતાનું ગામ પણ ખોઇ બેસે છે, અને એક પૃથ્વીપતિ થાય છે. એક તુંબડી ભીખારી પાસે રહે અને એક તુંબડી જંત્રનું વાજું રાજદ્વારે રહે છે. એક જાતનું લોઢું ત્રણ પૈસે શેર મળે છે, અને એક લોઢાની બહુ મૂલ્યી તલવાર બને છે. એક લુગડું પૈસાનું ગજ મળે છે, અને એક ઉંચી કીમતનું હોયછે. એક માણસ પરમાર્થ કરેછે અને એક પારકા જીવ લેછે. એક સદાવ્રત આપે છે અને એક ઘેર ઘેર ભીખ માગે છે. એક નર હાથીની સ્વારી કરેછે અને એક અણુવાણે પગે રખડે છે. એક રોજ નવાં નવાં શાસ્ત્ર ભણે છે, અને એક ભણેલું ભુલી જઇને કકો ભણવા માંડે છે. કહો તો એવાં કરોડો દૃષ્ટાંતો કહું. તે વિવેક કરીને આપ મનમાં વિચારી જુઓ કે નામ એક હોય પણ ગુણ જુદા જુદા હોય છે, જેમકે રજપુત જાત એક, પણ તેમાંનો એક રાજા, અને બીજો રાવત હોય છે, સો સરખું ન હોય.

પ્રધાન બોલ્યો કે અરે પોપટ,હવે એ તલમાં તેલ નથી માટે તું ફોગટ લવરી જવા દે, એથી મારૂં મન માનતું નથી. કવિ કહે છે કે પેલો રાજા તો નિષ્કપટ પણે છે, અને પ્રધાનના મનમાં તો વેર છે. તે એવું કે ઘણું હાડવેર વધી ગયું અને ઘણું ઝેર મનમાં રાખતો હતો. પ્રધાને પદ્મણીનો ત્યાગ કર્યો તેથી તે બિચારી અકળાઈને છેલ્લી વારે પોતાને પીયર

ગઈ. તેને ઘણાએક દિવસ થઈ ગયા પણ તે વાત કોઇના જાણવામાં આવી નહિ.

એક વરસ થઈ ગયા પછી તે વાતની રાજાને ખબર પડી કે મારે વાસ્તે પ્રધાને ચતુર સ્ત્રીને તજી દીધીછે. ત્યારે રાજાએ વૈલોચન પ્રધાનને મર્મમાં ઘણો સમજાવ્યો અને રાજસભામાં માન દેઈને ઘણું હેત દેખાડયું. તોપણ પ્રધાને કાંઈ માન્યું નહિ અને તે સ્ત્રીને તેડાવી નહિ. ત્યારે રાજાએ તેનો વહેમ મટાડવા સારૂ એક તતબીર કરી, તે એવી રીતે કે પ્રધાનને કહ્યું કે આજતો મારે એકલાં શિકારે વેગળે જવું છે માટે તું એકલો મારી સાથે ચાલ. પ્રધાને તે વાત કબુલ કરી અને ફોજવીના ઘોડે સ્વાર થઈને ફકત તેઓ બે જણા કોઇને ખબર પડવા દીધા વિના ત્યાંથી ઘણે દૂર વન તરફ ગયા.

રાજા શિકાર રમી રહ્યા પછી પાછો ફર્યો અને બંને જણા ચાલ્યા ત્યાં નયનાવતી નામનું શેહેર કે જ્યાં પ્રધાનનું સાસરૂં હતું ત્યાં ગયા. ત્યારે તે વાત જાણીને નેનકમળશા નામે વેહેવારિયો જે પ્રધાનનો સસરો થાય તે આવીને પગે લાગ્યો અને માન દેઇને પોતાને ઘેર તેડી ગયો. અને કહ્યું કે આજ અમારા ગામને ધન્ય છે, ગામના ગોંદરાને ધન્ય છે, અને આજનો દિવસ પણ ધન્ય છે કે પ્રધાન અને રાજાજી અહિં પધાર્યા. આજ અમને પરમેશ્વર પ્રસન્ન થયા. સસરે

પોતાને ઘેર એક સોનાનો પાટ ઢળાવ્યો, તેની ચારે પાસે ફુલ વેરાવ્યાં. અને રંગમહેલમાં કંકુના હાથા દેવરાવ્યા. ટોલ્લે તરીઆતોરણ બંધાવ્યાં, મોતીએ ચોક પુરાવ્યા, દૂધે ઉંમરા ધોવરાવ્યા, દિવાળીના દહાડાની પેઠે ગોખ બારિયો ઉજળી કરાવી.

રાજાને અને પ્રધાનને શરિરે ચંદન અને અરગજા ચોળાવીને નહાવા સારૂ ઉનું પાણી આપ્યું. ફુલેલ તેલ મરદન કરવા આપ્યું, અને ગંગાજળ જેવું નિર્મળ જળ ભરાવી પીવા મૂક્યું. ભાવતાં ભોજન તૈયાર કરાવીને પીરસ્યાં નાના પ્રકારના મેવા અને નાના પ્રકારનાં પકવાન પીરસ્યાં. જમ્યા પછી પાનબીડાં,લવીંગ, સોપારી અને એલચી વગેરે મુખવાસ આપ્યો.

પછી એકાંતે તેઓને વાસ્તે ઢોલિયા ઢળાવ્યા અને રમવાને પાસા તથા સોગઠાં આણ્યાં. તેમાં પ્રધાનના મનનો વેહેમ મટાડવાની તેના સસરાની મતલબ હતી. તે વેહેવારિયે તેઓની ખૂબ ચાકરી કરી. અને પ્રધાનની સ્ત્રી હાથમાં ઝાલીને દીવો ત્યાં લાવી હતી. તે ઠેકાણે પ્રધાન, પ્રધાનની સ્ત્રી, રાજા અને પ્રધાનનો સસરો એ ચારેજણા હતાં તે વીના બીજું કોઈ નહોતું.

રાજાએ સોગઠે રમવાની વાત કાઢી. પણ કહ્યું કે ચોપડની રમત ચારજણાં વગર ફક્ત બે જણે રમવી તે કાંઇ ઠીક નહિ. ત્યારે પ્રધાનનો સસરો વેહેવારીયો બોલ્યો કે અમે બાપ દિકરી બેજણ ભેરૂ થઇશું પછી એક તરફ તે બેજણાં ભેરૂ

થયાં અને બીજી તરફ પ્રધાન તથા રાજા ભેરૂ થયા, અને બાજી રમવા માંડી.

રમતાં રમતાં એવો દાવ આવ્યો કે ચારેજણાંને પોબાર પાડવાની જરૂર પડી. ત્યારે પોબાર પાડવા વિશે માંહો માંહી વાદ કરતાં વહેવારીએ પ્રધાનનો વહેમ ભાગવા માટે એવું કહ્યું કે—જેનામાં સત્યપણું હશે, તેના આ વખતે પોબાર પડશે. અને જે જૂઠો હશે તેના પોબાર પડશે નહિ. તે વાત ચારેજણાએ કબુલ કરી, અને ઇશ્વર ઉપર વિશ્વાસ રાખીને પ્રતિજ્ઞા કરીને પાસા નાંખવાનો ઠરાવ કર્યો. વહેવારીએ કહ્યું કે ઈશ્વર શાક્ષી પૂરશે કેમ કે તે ઉનું તેલ ટાઢું કરી નાંખે છે અને સંકટમાં આવેલા માણુસનાં સંકટ હરે છે, એમ કહીને તેણે હાથમાં પાસા લીધા અને નીચે લખેલો દોહરો બોલીને પાસા નાંખ્યા.

દોહરો.

ગંગાજળ નિર્મળ સમું, સદા પવિત્રજ સાર;
તેવું કુળ હોય માહરૂં, પડપાસા પોબાર. ૧

એટલે તે વેહેવારીઆના પોબાર પડ્યા. પછી રાજાએ પાસા હાથમાં લઈને નીચે પ્રમાણે પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

હંસ ગયો સરોવર વિષે, દીઠું અમરૂત સાર;
પીધાવણ પાછો વળ્યો, પડપાસા પોબાર. ૨

એટલે રાજાના પણ પોબાર પડયા, પછી પદ્મણીએ પાસા લેઇને પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

સિંહમૂછ, ભોરિંગ મણિ, કૃપણ દ્રવ્ય સતિનાર;
જીવગયે પર-કર જશે, પડપાસા પોબાર. ૩

ત્યાં પદ્મણીના પણ પોબાર પડ્યા, પછી પ્રધાને પાસા લેઇને પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

જે મારગ કેસરિ ગયો, રજલાગી તરણાંય;
તે તૃણ ઉભાં સૂકશે, નહિ ચાખે હરણાંય. ૪

એટલે પ્રધાનના પોબાર પડ્યા નહિ, તેથી તેનું અભિમાન ઉતરી ગયું. પેલાં ત્રણજણાંએ હશીને એક બીજાના હાથમાં તાળી દીધી અને મનનો પડદો ખોલીને વાત કરી ત્યારે પ્રધાન બોલ્યો કે એક વારતો જેમ તેમ પાંશરો દાવ પડે તેમાં શું ? તે કોઈ સાચું માને નહિ. ત્યારે તેનો સસરો બોલ્યો કે બીજી વાર પાસા નાંખો ઇશ્વર સાચી સાક્ષી પૂરશે. પછી વહેવારીએ બીજી વાર પાસા લેઇને પતિજ્ઞા કરી કે—

દોહરો.

આંબે કેરી ઉતરે, કદળી કેળાં સાર;
બરાસ વાસ તજે નહિ, પડ પાસા પોબાર. ૫

એટલે તે વેહેવારીઆના બીજી વાર પોબાર પડ્યા. પછી રાજાએ હાથમાં પાસા લેઇને નીચે પ્રમાણે પતિજ્ઞા કરી કે—

દોહરો.

દેવળ દેખીને ગયો, દર્શન કરવા દ્વાર;
દર્શન પણ સ્પર્શન નહિ, પડ પાસા પોબાર. ૬

એટલે રાજાના પણ પોબાર પડયા, પછી પદ્મણીએ પાસા લેઇને પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

તેજી ન સહે તાજણો, શૂર ન સહે હુંકાર;
કુવચન સતિ સહે નહિ, પડપાસા પોબાર. ૭

એટલે પદ્મણીના પણ પોબાર પડયા, પછી પ્રધાને પાસા લેઇને પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

શામા દેખી સંચર્યો, કુવિચારે જે જાર;
એહું અન્ન ચાખું નહિ, પડપાસા પોબાર. ૮

એટલે પ્રધાનના પોબાર પડયા નહિ. ત્રણ જણાના પોબાર પડયા અને પ્રધાનના ન પડયા તેથી પ્રધાન વળી ઝાંખો પડયો અને બોલ્યો કે, ત્રીજી વાર તમારા પોબાર પડે તો હું માનું. ત્યારે ત્રીજી વાર પાસા નાંખવાનું પણ પેલાંએ કબુલ કર્યું. અને વહેવારીએ પાસા લેઇને પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

સીતા સમાન સુંદરી, દયા ધર્મ વિચાર;
સાંને શામ અડે નહિ, પડ પાસા પોબાર ૯

એટલે વહેવારીઆના ત્રીજીવાર પોબાર પડયા, પછી રાજાએ પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

અમરૂત પિરશું થાળમાં, આવ્યો કરવા આહાર;
હાખ્યું પણ ચાખ્યું નહિ, પડ પાસા પોબાર. ૧૦

ત્યારે રાજાના પણ ત્રીજીવાર પોબાર પડયા. પછી પદ્મણી-

એ પાસા લેઇને પ્રતિજ્ઞા કરી કે—

ઇશ્વર બેલી સર્વેનો, નોધારા આધાર;
સત્ય રાખે સતિયાતણું, પડ પાસા પોબાર. ૧૧

પદ્મણીના પણ ત્રીજીવાર પોબાર પડયા. પછી પ્રધાને પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

મીની આગળ પય રહે, અગ્નીપે ઘૃત સાર;
ભુખ્યાપે ભોજન રહે, પડ પાસા પોબાર. ૧૨

ત્યારે પ્રધાનના પોબાર પડયા નહિ, તેથી પેલાં ત્રણે જણાં રાજી થયાં. પ્રધાન બોલ્યો કે વેદ ચાર કહેવાય છે. માટે ચોથી વાર તમારા પોબાર પડે તો હું સાચું માનું. તે વાત પણ તેને સઘળે કબુલ કરી. ને પાસા લેઇને પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

સત્યે બાંધી મેદની, સત્યે સ્થિર સંસાર.
સત્ય હોય જો અધ વસો, પડ પાસા પોબાર. ૧૩

એટલે ચોથી વાર વેહેવારીઆના પોબાર પડયા. પછી રાજાએ પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

રત્ન અમુલ્ય સોહામણું, લોભિ ગયો તે ઠાર;
દીઠું પણ લીધું નહિ, પડ પાસા પોબાર. ૧૪

ત્યારે ચોથી વાર રાજાના પોબાર પડયા, પછી પદ્મણીએ પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

સત્ય ચુકે જે સાધવી, ધરા ના ઝીલે ભાર;
તે ગુણ જો હોય મુજમાં, પડ પાસા પોબાર. ૧૫

એટલે ચોથી વાર પદ્મણીના પોબાર પડયા, પછી પ્રધાને પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

ઓસ (ઝાકળનું પાણી) અરૂણ (સૂર્ય) આગળ રહે, ચંદ્રકને
અંધકાર; જાર કને જુવતી રહે, પડ પાસા પોબાર. ૧૬

ત્યારે પ્રધાનના પોબાર પડયા નહિ, તેથી તે ઘણો માનભંગ થયો પણ તેના મનનો વહેમ ભાગ્યો નહિ. તેથી પંચમાં સૌએ તેને ભૂંડો કહ્યો. તેમ તેમ તે વધારે મનમાં ખેદ પામ્યો.

પંચે કહ્યું કે જે પંચ કરે તે ખરૂં, બીજું બધું જુઠું. જે પંચનું કહ્યું માને નહિ તે પોતાનું સુકૃત હારે. પછી એવો ઠરાવ કર્યો કે પાંચમી વાર પાસા નાંખવા અને જે માને નહિ તેને માથે પાપ. પ્રધાને જાણ્યું કે પાંચમી વારતો તેઓના દાવ જુઠા પડશે. તેથી તેણે પણ તે વાત કબુલ કરી. ત્યારે વેહેવારિયે પાસા લેઇને પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

અહલ્યા તારા દ્રૂપદી, સિતા મનોહરિ નાર;
તેનું કુળ હોય માહરૂં, પડ પાસા પોબાર. ૧૭

એટલે વેહેવારીઆના પાંચમી વાર પોબાર પડયા. પછી રાજાએ પાસા લેઇને પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

અમરૂત પીવાને ગયો, શોભા દેખી સાર;
અડકયો નહિ લાલચ કરી, પડ પાસા પોબાર, ૧૮

એટલે પાંચમી વાર રાજાના પોબાર પડયા. પછી પદ્મણીએ પાસા લેઇને પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

લક્ષ્મીને ન તજે હરી, શિવ ગંગા નિરધાર;
તેમ શિયળ ન તજે સતિ, પડ પાસા પોબાર. ૧૯

ત્યારે પદ્મણીના પણું પાંચમી વાર પોબાર પડયા. પછી પ્રધાને પાસા લેઈને પ્રતિજ્ઞા કરી કે—

દોહરો.

અહિ મુખ અમરૂત નવ રહે, ચોર કને ભંડાર;
કામી આગળ કામની, પડ પાસા પોબાર. ૨૦

ત્યારે પાંચમીવાર પણુ પ્રધાનના પોબાર પડયા નહિ. તેથી તે ખષ્ઠ પડયો, પણ તેનું મન માન્યું નહિ, અને મનમાં ઘણું ઝેર રાખ્યું. ને પકકું વેર અંતરમાં ઠસ્યું કેમ કે આમ ચોરીનું વેર સહન કરી શકાય નહિ. તે વાત કોઇની આગળ કહી શકાય નહિ. પણુ તેના મનની વાત પટંતરે પરખાઇ આવે.

હસતાં રમતાં રાતતો વીતી અને પરોઢીયું થયું એટલે પ્રધાન ઉઠીને ઘોડે ચઢીને ચાલી નિકળ્યો. પોતાની સ્ત્રીને ફરી તેડવા આવવાનો ખોટો વાયદો કર્યો, પણુ મનમાં અ-

ટમ રાખ્યો. પછી રાજા પણ સ્વાર થઈને તેની સાથે ગયો.

રાજા અને પ્રધાન સ્વાર થઈને એકલા વનમાં જતા હતા અને ત્રીજું કોઈ સાથે નહોતું. ત્યાં રસ્તા ઉપર એક વાવ આવી તેમાં શીતળ જળ ભરેલું હતું. તે વાવને કાંઠે એક ચંપાનું ઝાડ હતું. તે હેઠળ બંનેજણા જઈને ઉતર્યા. પ્રથમ રાજા વાવમાં પાણી પીવા ગયો ને પાણી પીને ઠંડો થયો. પછી વાવની ભીંતે આ નીચે લખેલો દોહરો લખ્યો.

દોહરો.

હણે વાઘ સૌ જીવને, માંસા હારિ ગણાય;
પણ વિશ્વાસ ધરે સૌ, આપ બચ્ચાં નવ ખાય. ૨૧

એવું લખીને બહાર ચંપા તળે આવ્યો. પછી પ્રધાન તે વાવમાં પાણી પીવા ગયો, તેણે પેલો દોહરો દીઠો, તે વાંચીને બોલ્યો કે આ રાજા શું ડહાપણ કરતો હશે ? પોતાનો દોષ છતાં પારકો વાંક કાઢે છે. જો તે સાચો હોયતો કપટ કરીને મારે ઘેર શાવાસ્તે જાય ? એમ વિચારીને તેને પોતાને જેવો સુજ્યો તેવો એક દોહરો પેલા દોહરાની નિચે લખ્યો.

દોહરો.

ભૂખ્યાંને મન ભેદશો ? અનાથને શી આથ;
જારને મન શી દીકરી, પરણે બેનની સાથ. ૨૨

એમ લખીને બહાર આવ્યો. વળી થોડી વાર પછી રાજા વાવમાં ગયો, ને પ્રધાનનો લખેલો દોહરો વાંચીને કહ્યું કે આ

પ્રધાન ખોટો વેહેમ રાખે છે. પણ હું તો ધર્મના કબજામાં છું. એમ કહીને વળી એક દોહરો લખ્યો.

દોહરો.

ગજેંદ્ર વશ અંકુશ તણે, નારીછે વશ શર્મ;
અર્ણવ છે મરજાદ વશ, રાજા છે વશ ધર્મ. ૨૩

એમ લખીને તે બહાર આવ્યા પછી વળી પ્રધાને જઇને તે વાંચ્યો અને ઘણો ક્રોધે ભરાઇને લખ્યું કે—

દોહરો.

તરશો જાય તળાવમાં, દેખી અમરૂત તોય; (પાણી)
દીઠે તરસ મટે નહી, પાછો ન વળે કોય. ૨૪

તે લખીને આવ્યા પછી વળી રાજાએ જઇને તે વાંચીને તે નીચે લખ્યું કે—

દોહરો.

રત્ન જડિત હોય મોજડી, શીશ ન બાંધે નેટ;
અમુલ્ય છૂરી હોય કનકની, કોઇ ન મારે પેટ. ૨૫

વળી પ્રધાને જઇને લખ્યું કે—

દોહરો.

મોતી નિજઘેર વહોરિયે, દે સોધાં શુભ પેર;
મૂલ અઢૂ મોઘું કરે, જો જઇએ પરઘેર. ૨૬

મતલબ કે અમુલ્ય વિંટી, કુંડળ અને સાલ એટલી બધી મતા તારે આપવી પડી. તે લખીને બહાર આવ્યા પછી વળી રાજાએ જઇને લખ્યું તે નીચે પ્રમાણે.

દોહરો.

નીચી દ્રષ્ટી નવકરે, જે મોટા કહેવાય;
સિંહ કરે સો લાંઘણો, તોયે તૃણ નવ ખાય. ૨૭

મતલબ કે હું અખાજ ખાઉં. નહિ. મેંતો બેન કરીને વીંટી આપી છે. વળી પ્રધાને લખ્યું કે—

દોહરો.

હેતે વિષ પણ પીજીયે, અમૃત કો નવ ખાય;
પેટે પાળી મારિયે, વેળા સમ રક્ષાય. ૨૮

મતલબ કે અખાજ ખાવા ઉપર પ્રીતિ ઉપજે તો અખાજ પણ ખવાય અને પેટે પાળી પણ મરાય. " જેવી વેળા તેવી રક્ષા " એ કેહેવતની મતલબ એ છેકે દરબારમાં કુંવરની રક્ષા કરે ત્યારે તે કુંવરના માથા ઉપર સોનું, પાણી કે મીઠું ઉતારે છે, પણ મુસાફરીમાં જતાં વગડામાં કુંવર આખડી પડે, તેથી તેની રક્ષા કરવી હોય ત્યારે ચપટી ધૂળ કે અડાયું છાણું તેના માથા ઉપર ઉતારીને નાંખી દેછે.

વળી રાજાએ જઈને વાંચ્યું અને જાણ્યું કે હવે છેલીવારનું લખું 'એમ જાણીને લખ્યું કે—

દોહરાં.

મૂરખનો માને નહિ, માને ચતુર સુજાણ;
સત્ય ગયુંતો સૌગયું, બોલે વેદ પુરાણ. ૨૯
સત્ય આધારે મેદની, સત્યે વાયુ સૂર;
તે સત્ય જેણે મૂકિયું, તેને હત્યા પૂર. ૩૦

રાખો વાત પટંતરે, તે વારૂ વહેવાર;
પટંતરો જો ભાગિયો, તેનો ભાગ્યો ભાર, ૩૧

વળી વજીરે તે વાંચીને ઘણી રીસ કરી, પણ બચારૂં બકરૂં સિંહ સાથે વેર રાખીને શું કરીશકે? વળી તેણે તેની નીચે લખ્યું કે—

દોહરા.

સત્ય શીળ ડહાપણુ ગયું, ગયુંજ નિર્મળ નામ;
સૌ વહેતે પાણી ગયું, જ્યારે પ્રગટયો કામ. ૩૨
પુત્ર મિત્ર વહાલો નહીં, નહી રત્ન નહિ દામ;
પ્રિય પ્રધાન વહાલો નહિ, જ્યારે પ્રગટયો કામ. ૬૩
નાત જાતનો ભય નહિ, નહીં ગોત્ર ગુણ ગ્રામ;
રાજ પ્રજાનો ભય નહીં, જ્યારે પ્રગટયો કામ. ૩૪
આખું જગત અળખામણું, અળખામણા શિવ શામ;
આપ આતમ અળખામણો જ્યારે પ્રગટયો કામ. ૩૫
સુખ નહી સૂતાં સેજડી, સુખ નહિ આઠે જામ;
જળ ભોજન નીદ્રા નહિ, જ્યારે પ્રગટયો કામ. ૩૬
ગમે ન ઘર પુર મેડીયો, ગમે ન ઉદ્યમ ઠામ;
ગમે ન વાત વિદ્યા તણી, જ્યારે પ્રગટયો કામ. ૩૭

વળી રાજાએ જઇને તે વાંચી જોયું. એવી રીતે એક બીજાની અદબ રાખતા હતા. અને પટંતરે લખતા હતા, પણ મોઢા મોઢ ખુલ્લાસો કરતા નહોતા. રાજાએ જાણ્યું કે હજી એકવાર લખું, જોઇએ તે મૂર્ખ હઠીલાઇ છોડેછે? વળી લખ્યું કે—

દોહરા.

કમળ નિત્ય જળમાં રહે, નિમિષ ન ભેદે નીર;
કામન ભેદે તેહને, જેનું શુદ્ધ શરીર. ૩૮
ચિકાશ ન અડે જીભને, સોને ન અડે શામ;
ગુણને અવગુણ ન અડે, જ્ઞાની ન અડે કામ. ૩૯
સતિને લાંછન નવ અડે, દુષ્ટ રૂદે નહિ રામ;
લજ્જા ન અડે લોભીને, જ્ઞાનીને નહિ કામ. ૪૦
બ્રહ્મને કર્મ અડે નહિ, સંતોષીને દુઃખ;
ભોગ અડે નહિ જોગને, રોગીને નહિ સૂખ. ૪૧
તિમર અરૂણને નવઅડે, સત્યને ન અડે શાપ;
સિંહને શિયાળ નવઅડે, પરિબ્રહ્મને નહિ પાપ. ૪૨
ભેદ વેદને નવ અડે, ખળને ન અડે સત્ય;
જૂઠ અડે નહિ સત્યને, જો પ્રભુ રાખે પત્ય. ૪૩
અગ્ની બાળે સર્વને, જીવ ન બાળ્યો જાય;
કામે જીત્યા સર્વને, જ્ઞાની નવ જીતાય. ૪૪
પ્રીય પાખંડ અજ્ઞાનીને, હરિજનનેતો રામ;
સત્ય પ્રિય સત્ય વાદીને, કામીને જેમ કામ. ૪૫

વળી પ્રધાને જઇને તે વાંચી જોયું અને રાજાનું અભિમાન ઉતારવાને એટલે રાજાનું લખેલું જુઠું પાડવા સારૂં નીચે પ્રમાણે લખ્યું.

દોહરા.

ઉમાવરે જીત્યો નહીં, જીત્યો નહિ શ્રીરામ;

બ્રહ્માદિકે જીત્યો નહીં, એક અજીતછે કામ ૪૬

જીત્યો નહિ મહા મુનિવરે, જીત્યો નહિ રવિચંદ્ર:
જીત્યો ન વ્યાસ વિચક્ષણે, જીત્યો નહિ સુર ઇદ્ર. ૪૭

જીત્યો ન પાંચે પાંડવે, જીત્યો ન રાવણ રાય;
જીત્યો નહિ જોગેશ્વરે, કામ અજીત કહેવાય. ૪૮

જીત્યો ન કોઈ દેવતા, જીત્યો ન કોઇ લોક;
જીત્યો કહે કોઇ કામને, તેતો વાતો ફોક. ૪૯

વિદ્યા, કવિતા ચાતુરી, સઘળી વાતો સહેલ;
કામ દહન, મન વશ કરણ, ગગન ચઢન મુસ્કેલ ૫૦

મૂર્ખ કહે મેં જીતિયો, માને મૂરખ રાય:
સૌને રૂદે ઠરી રહ્યો, કામ અજીત કહેવાય. ૫૧

ડાહ્યો થઈને બોલશે, રાખિ આપણો ભાર;
નિશ્ચે લેજો ઓળખી, મૂરખનો સરદાર. ૫૨

પંચબાણ કરે અંગનાં, હોય શરીર બળ હીન;
ઉઠી બેઠું થવાય નહિ, તોય કામ આધીન. ૫૩

કાં નારી, કાં નર, પશુ કહાં વૃદ્ધ કાં બાળ;
કાં મૂરખ કાંપંડિતો, કામે સર્વે બિહાલ. ૫૪

મરજાદા માને રહે, અસમર્થ રહે આપ;
અંતર આરાધન રહે, વેદ પુરાણે છાપ. ૫૫

મનોહરી કે દ્રૂપદી, અહલ્યા સિતા શરીર;
રાખ્યું આપ તે ઇશ્વરે, પણ અનંગ વશધીર. ૫૬

નિઘોક્ષ સરખો સાધુ નૃપ, શત જગ્નો કરનાર;

કામાર્ત્ત દ્વિજ છેડિયો, પ્રિછી લેજ્જો પાર. ૫૭
પારાશર પંડિત ઘણો, નવ ખંડેછે નામ;
મછગંધા મનમાં વશી, કર્ત્તવ્ય કહિયે કામ. ૫૮
ઇંદ્ર સરીખો અધિપતિ, ઇંદ્રાસન સુખ ધામ;
ગૌતમની સ્ત્રીશું રમ્યો, કહિયે કર્ત્તવ્ય કામ. ૫૯
ચતૂર ચંદ્ર સરીખડો, રોહણી જેની ભામ;
વૃહસ્પતિની સ્ત્રી ભોગવી, કહિયે કર્ત્તવ્ય કામ. ૬૦
કહેતાં પાર ન પામિયે, શિદ પ્રકાશિયે આપ.
સૌકોને મન સિદ્ધ છે, જાણો આપો આપ. ૧
અક્ષર હવે રખે લખો, ડાહ્યા થઈને આપ;
મનસા સિદ્ધ માનું કદી, બ્રહ્મહત્યાદીક પાપ. ૬૨

એવું લખીને પ્રધાન ગયો, પછી રાજાએ જઇને વાંચ્યું, પણ ફરી કાંઇ લખ્યું નહિ. અને બંનેજણા એક ઠેકાણે ફરીને બેઠા. ને પેલી વાત વિસારી મૂકીને પરસ્પર હેત પ્રીતની વાતો કરીને માંહોમાંહી હેત વધે તેમ કર્યું. ઉનાળાના દહાડા હતા. તેથી ઘણો તાપ પડતો હતો. અને ખરા બપોર થયા ત્યારે આગલી રાતના ઉજાગરાથી રાજાની આંખમાં ઘણી ઊંઘ ભરાઇ. એટલે તેતો પ્રધાનના ખોળા તરફ માથું મૂકીને સૂઈ ગયો. તે ભરનિદ્રામાં થયો ત્યારે, પછી દુશ્મનની વાળા પ્રધાને વિચાર કર્યો કે આવો લાગ મને ફરીને ક્યાં મળશે?

પછી તેણે ચોતરફ નજર ફેરવીને જોયું તો કાંઈ મા-

ખુસ એટલામાં દીઠું નહિ એટલે ભેઠમાંથી ઝટ છરો કાઢીને રાજાનું ગળું કાપી નાંખ્યું. મહા પવિત્ર રાજાને મારી નાંખતાં તેણે કાંઈ પાપ ગણ્યું નહિ.

રાજાના ઘોડાને છોડીને વગડામાં હાંકી મૂક્યો અને એક ખાડામાં રાજાના મરદાને દાટયું. એવામાં એક માળી ત્યાં હતો તે પ્રધાનની નજરે પડયો નહોતો. તેણે તે બધો બનાવ દીઠો. તેથી તેતો બિચારો થર થર ધ્રૂજવા લાગ્યો. અહિં શામળભટ કવિએ એવો મર્મ જણાવ્યો છે કે જે રાજા કુછંદે ચઢે તેના કોઈ વખતે આવા હાલ થાય. સાબાસ સામળ કવિની કલ્પનાને સાબાશ છે. તેમજ અહીં તેણે વ્યભિચારીને શિખામણની હદ વાળી છે.

રાજાને મારી નાંખી ડાટિને પ્રધાન રાત પડતાં પાંચમે દહાડે પોતાના શેહેરમાં આવ્યો. પછી રાજાના દરબારમાં ગયો અને પૂછાવ્યું કે રાજાજી સૂતાછે ? કે બેઠા છે ? બાગમાં ગયા છે કે મહેલમાં છે ? અમે બંને અહીંથી સાથે ગયા હતા પણ પછી જૂદા પડ્યા તે પાંચ દહાડા થયા ભેળા થયા નથી.

તે વાત શેહેરમાં ચાલ્યાથી અઢારે વર્ણની રૈયત એકઠી થઈ, અને સૌના મનમાં ઘણી દિલગીરી ઉપજી. એવામાં રાજાનો ઘોડો વગડામાં રખડતો રખડતો શેહેરમાં આવ્યો. તેને જોઇને સૌના મનમાં આવ્યું કે રાજાને કોઈએ મારીનાંખ્યા હશે કે શું ? રાણીએ અને રાજકુંવરે ઘણો વિલાપ કર્યો.

તેઓને સમજાવીને લોકોએ કહ્યું કે હવે જે કરવું ઘટે તે કરો. પછી ઘણો શોક ધરતાં કાંઈ માલુમ પડિ નહિ ત્યારે તેની આશા મૂકી. વાટ જોતાં એક મહિનો થઇ ગયો. ત્યારે છેક આશા મૂકી અને ઉત્તરક્રીયા કરી અને કુંવરને રાજ્ય ગાદીએ બેસાડયો. પ્રધાન મોટી ઉમરનો અને કુંવર નાંની ઉમરનો હતો, પણ રાજ કારભાર ચલાવતા હતા.

પેલો માળી કે જેણે રાજાનું ખુન કરતાં નજરે જોયું હતું, તે પણ તેજ શેહેરનો હતો તેણે ગામમાં આવીને કોઇની આગળ તે વાત કરી નહિ. કેમ કે પ્રધાનનો ભય તેને ઘણો લાગતો હતો તેણે જાણ્યું કે મોટા માણુસની વાત કરીને વગર મોતે આપણે શાવાસ્તે મરવું ?

પ્રધાનના ઘરનો પેલો પોપટ સમજ્યો કે આ ચંડાળ પ્રધાને જરૂર રાજાને મારી નાંખ્યો પણ શું કરૂં ? હું આના ઘરનું લૂણ પાણી ખાઉછું નહિતો હમણાં ઉડીને કહેવા જઉં. બીજાં અનેક પ્રકારનાં પાપ કહેવાય છે તેમાં લૂણ હરામીના જેવું મોટું પાપ નથી, માટે પ્રધાનનું કર્મ પ્રધાન ભોગવશે એમાં કાંઈ સંશય નથી. એ રીતે એક વરસ સૂધી તે વાત છાની રહિ, પણ કહ્યું છે કે જેમ દહાડો ઉગે તે છાનો રહેતો નથી અને રાત પડે તે પણ છાંની રહે નહિ, સ્ત્રીની પ્રીતિ છાની રહે નહિ. તે ઉત્તમ પ્રિતિ છે કે મધ્યમ છે કે અધમ પ્રીતિ છે તે પણ છાની રહે નહિ. અફીણનું બંધાણ છાનું રહે નહી, જે દાન પૂન્ય કરે તે પણ છાનું રહે નહિ, વ્યસનીની જાત છાની રહે નહિ, અંતઃકરણની દાઝ છાની રહે નહિ,

શરીરમાં રોગ થયો હોય તે છાનો રહે નહિ, ભૂખ લાગી હોય તે છાની રહે નહિ, દાતાર કે લઢવૈયો છાનો રહે નહિ, રાગનો ગવૈયો છાનો રહે નહિ, કીર્તિ છાની રહે નહિ, ભણેલી વિદ્યા છાની રહે નહિ, નવાઇની વાત છાની રહે નહિ, કવિ છાનો રહે નહિ, સારી કે નઠારી ગંધ છાની રહે નહિ, વરસેલો વરસાદ છાનો રહે નહિ, દુઃખી કે સુખી શરીર છાનું રહે નહિ, મરદ કે નામરદ છાનો રહે નહિ, લુગડે બાંધેલું પાણી કેમ છાનું રહે? અને પારો પેટમાં કેમ ટકે? રાજા કે ભીખારી છાનો કેમ રહે? તેમ હડકાયું પાપ પણ છાનું રહે નહિ, ઈશ્વર સત્યનો બેલી છે, તેથીજ પેલે માળીએ તે પાપ નજરે દીઠું હતું.

તે માળી રોજ ચંપાનાં ફુલ લાવીને પ્રધાનને ઘેર આપવા જતો હતો. એક દિવસે તે વખત ચૂકી ગયો, અને કાંઈક મોડો આપવા ગયો, તેથી પ્રધાને ક્રોધ કરીને તેને શિક્ષા કીધી, અને કહ્યું કે આજ પછી તું વખત ચૂકીશ તો તારૂં મોત આવ્યું જાણ જે.

તે સાંભળીને માળીએ રીસમાં પોતાને ઘેર જઈને વગડામાં બનેલા ખુનની બધી વાત ઘરમાં પોતાની સ્ત્રીને કહી, કે એ ચંડાળ વજીરે આપણા રાજાનું ખુન કર્યું છે તે મેં નજરે જોયું છે. આજ આ વાત હું તારી આગળ કહું છું. માળણે કહ્યું કે હું રાણી આગળ જઈને આ વાત કરૂં, અને રાજાનું વેર લેવરાવું. ત્યારે માળીએ પસ્તાઇને હાથ ઘસવા માંડ્યા કે—અરે આ વાત મેં બાઇડીની આગળ શા વાસ્તે

કહી ? કહ્યું છે કે—જેમ રાંક માણસ ધન જીરવી શકે નહિ, જેણે લાંઘણો કરી હોય તે અન્ન જીરવી શકે નહિ, કાયરના મનમાં ધીરજ રહી શકે નહિ, બિલાડીના પેટમાં ખીર રહી શકે નહિ, ગરૂડની પાસે સાપ રહી શકે નહિ, બહુચરાજીનો કુકડો છાનો રહે નહિ, તેમજ સ્ત્રીના પેટમાં છાની વાત રહે નહિ, માળીએ ઘણી વારી, પણ માળણ રહી નહિ. અને જઇને રાણીની આગળ રાજાના ખુનની બધી હકીકત જાહેર કરી કે ફલાણે ઠેકાણે ચંપાના ઝાડ તળે ચંડાળ પ્રધાને રાજાજીને મારી નાંખીને એક ખાડામાં ડાટયા છે તેનાં હાડકાં હજી સુધી ત્યાં હશે

રાણીએ તે વાત કુંવરને બોલાવીને કહી. તે કુંવરે અને રાણીએ માલણની વાત સાચી માની. તેથી બંનેના અંતઃકરણમાં એવી તો રીસ ચઢી કે પગથી માથા લગી ક્રોધની ઝાળ લાગી.

પછી કુંવરે પ્રધાનને તેડાવીને ગુસ્સાથી પૂછયું કે અલ્યા તેં રાજાને કયે ઠેકાણે મારી નાંખ્યાં છે? જો તું જુઠું બોલીશ તો જાણુજે કે તારૂં વગર મોતે મોત આવ્યું. હવે હું તને જીવતો મૂકવાનો નથી. ઢેડીઆ પાસે તારૂં માંથું કપાવીશ.

પ્રધાન તે વાત ના મુકર ગયો, અને કોઈ પ્રકારે તે ગુન્હો તેણે કબુલ કર્યો નહિ. ત્યારે રૈયતમાંથી કેટલાં એક માણસોને સાથે લેઈને પ્રધાનને કેદ કરી સાથે લેઇને કુંવર પેલા ચંપાના ઝાડ આગળ ગયો અને માલણના કહ્યા પ્રમાણે

એલા ખાડામાંથી ખોદીને રાજાનાં હાડકાં કાઢયાં તે શેહેરનાં લોકોએ નજરે દીઠાં, તેથી સૌના મનમાં ઘણું માઠું લાગ્યું.

તે હાડકાં ગંગામાં નાંખવા મોકલ્યાં અને કુંવર પાછો શેહેરમાં આવ્યો. પછી પ્રધાનની જુબાની લેવા માંડી અને પૂછયું કે સાચું બોલ તેં રાજાને શા વાસ્તે મારી નાંખ્યા? હવે તું જુઠું બોલીશ નહી.

ત્યારે પ્રધાને સાચે સાચી વાત કહી કે મને રાજાએ ઘોડા લેવા પરગામ મોકલ્યો હતો, અને પછી તે અરધી રાતે એકલો મારે ઘેર ગયો હતો. મારા દરવાનને લાલચમાં કુંડળ આપીને દરવાજો ઉઘડાવીને મારા ઘરમાં પેઠો અને મારી સ્ત્રી સાથે જમ્યો. ને અમૂલ્ય વિંટી આપીને બદ કામ કર્યું. એ રીતે કામાંધ થઇને તેણે મારે ઘેર જાર કર્મ કર્યું તેથી મારા મનમાં ઝેર આવ્યું.

મારી સ્ત્રી, મારો પોપટ અને રાજા તે ત્રણે જણાં મારી આગળ તો એ વાત ના મુકર ગયાં. પણ એ વાતનું વેર રાખીને મેં તારા બાપને માર્યો. એણે મારી સ્ત્રીને ખરાબ કરી તેથી મારી પાપ બુદ્ધિ થઇ. તેથી મેં રાજાને માર્યો એ વાત ખરેખરી છે. અને એમાં મારો કાંઈ વાંક નથી.

કુંવરે વજીરને કહ્યું કે મારો બાપ એવો નહોતો, માટે તું આ વાત સાબીત કરી આપે તો તારે માથે તકશીર ઠરે નહિ અને તારો ગુન્હો માફ થાય. મારા બાપમાં જાર બુદ્ધિ (કુબુદ્ધિ) હોય તે વાત સાચી ઠરે તો તું સુખેથી તારે ઘેર જા.

તારૂં નામ કોઇ લે નહિ. (પ્રધાને ખૂન કબુલ કર્યું એટલે મા-ળીની જુબાની લેવાની જરૂર રહી નહિ. હવે તો રાજાએ વ્યભિચાર કર્યો હતો કે નહિ, તેનોજ તપાસ કરવાનો રહ્યો.)

પછી બેલા પોપટને પાંજરામાંથી મંગાવ્યો, તેને બ્રહ્મહત્યા, સ્ત્રી હત્યા, બાળ હત્યા, અને ગોઉ હત્યા, એ ચાર હત્યાઓના સોગન દીધા; અને કહ્યું કે કોઇનો પક્ષ રાખ્યા વગર જે સાચું હોય તે કહે.

પોપટ બોલ્યો કે મેં આ પ્રધાનને પ્રથમથીજ કહ્યું હતું પણ તેણે મારૂં કહ્યું માન્યું નહિ. એને કાંઇ જ્ઞાન નથી; તે મૂર્ખને શું કહિયે? હું ઈશ્વરની આણ ધરીને વળી સંક્ષેપમાં કહું છું કે, તે સ્ત્રી ઉપર રાજા મોહિત થયો હતો ખરો, અને તેથીજ તેણે પ્રધાનને ઘોડા લેવા કાઢયો હતો. પછી તે જાર બુદ્ધિથી કે ફક્ત સ્ત્રીને જોવા સારૂં, તે તો પરમેશ્વર જાણે. પણ મધ્યરાતની વખતે આવીને પ્રધાનના દરવાનને કુંડળ આપીને દરવાજો ઉઘડાવીને હવેલીમાં આવ્યો હતો; ત્યારે મેં તેને ઘણાં શિખામણનાં વચનો કહ્યાં, તેથી તે રાજાએ કાંઇ ક્રોધ કર્યો નહોતો.

પછી પદ્મણીએ તેનું સન્માન કરીને કહ્યું કે તમે મારે ઘેર ભલે પધાર્યા, અને સે બાઈએ પણ સમસ્યામાં રાજાને શિખામણ દીધી, તેથી રાજાનું મન ગળી ગયું કેમકે તે સત્યવાદી હતો. પછી તેને બેન માનીને વીરપસલી આપીને ચાલતો થયો. પછી જ્યારે પ્રધાન ઘેર આવ્યો અને તેણે દ-

સ્વાન પાસે કુંડળ અને પદ્મણીની આંગળિયે રાજાની નાડી દીઠી, ત્યારે તેને ક્રોધ ચઢયો હતો પણ મેં તેને ઘણો સમજાવ્યો, અને કહ્યું કે ઇશ્વરે આપણો ધર્મ રાખ્યો છે પણ તેણે ખરેખરા દાખલા દીઠા એટલે આ મૂર્ખનો વાંક શો? સાને વહેમ ઉપજે એવા દાખલા હતા માટે તે મારૂં કહ્યું કેમ માને? એના પેટમાં ઝાળ લાગી હતી, તેથી તેના મનમાં તો ખરેખરો વહેમ પેઠો હતો. ગરીબ પરોણા વાસ્તે ખીર કોણ રાંધે! અને ચીરને કાંબળીનું થીગડું કોણ દે? તેમ મારૂં ગરીબનું બોલ્યું પ્રધાન કેમ માને? આ સાચેસાચી હકીકત આપની આગળ મેં કહી હવે આપની નજરમાં આવે તેમ કરો.

એવું સાંભળીને સર્વ લોકોએ પ્રધાનને ફિટકાર ફિટકાર કર્યો, અને કહ્યું પ્રધાને મોટો અન્યાય કર્યો છે. પ્રધાન બોલ્યો કે મેં આ પોપટને બહુ માર માર્યો છે માટે તે મને મરાવી નાંખવાને માટે જુઠું બોલેછે અને મારા ઉપર વેર રાખે છે અને હું આજ સંકટમાં પડ્યોછું માટે જે કરશો તે સહન કરીશ. પણ મને વગર વાંકે મારી નાંખશો તો હું આવતે ભવ વેર લઇશ. હું ઈશ્વર આગળ બહુ પ્રકારે પ્રણામ કરીને કહુંછું કે એ પ્રભુ આવતે ભવ તારી હજુરમાં હું આ વેર લઇશ.

કુંવર બોલ્યો કે અરે પ્રધાન, તું સાંભળ, ખરેખરી સાબીતી વિના હું કાંઇ વાત માનતો નથી. પછી વજીરની

બાયડીને તેડાવી. તે આવીને જ્યારે હાજર થઈ, ત્યારે રાજકુંવરે તેને પણ ચાર હત્યાઓની પ્રતિજ્ઞા આપીને કહ્યું કે તું સાચેસાચું બોલીશ તો તારા ધણીનો બચાવ થશે, નહિ તો તેને હું આજ મારી નાંખીશ તેની હત્યા તને લાગશે.

ત્યારે તે બાઈ રીસ કરીને બોલી કે જ્યારે સતી જુઠું બોલે, ત્યારે બ્રહ્માંડ તુટી પડે નહિ? જો સતી જુઠું બોલે તો પૃથ્વી પાતાળમાં જાય, અને વરસાદ પણ વરસે નહિ. સતી સત્ય ચૂકે તો શેષનાગ પૃથ્વીનો ભાર ઝીલી શકે નહિ. અને સત્યને આધારે આ બ્રહ્માંડ રહેલું છે તે ભાગી પડે. સત્યનો સૂર્ય સાક્ષી છે, સત્યના બેલી સૌ છે, માટે આખા કુળનો નાશ થતો હોય તોપણ સતી જુઠું બોલે નહીં.

વળી કહો તો હું અગ્નિમાં પેસું, કહો તો ઉકળતી ખીર હાથે હલાવું અને કહો તો કાચે તાંતણે હાથીને બાંધું, એટલી હીમત હું રાખુંછું. કહોતો પાણીની ગાંઠડી બાંધું, એવા જે ઉપાય કહો તે કરૂં, કે જેથી મારી ખરી પ્રતીત સૌને આવે.

એવું સાંભળીને પ્રધાને કુંવરને કહ્યું કે જેને માથે સંકટ પડે ને વગર પગે મેરૂ ઊપર ચઢે, અને હાથે ખીર રાંધે, કે અગ્નિમાં પેસે તે સતી નહીં પણ શૂરી એટલે હિમતવાળી કહેવાય. અને કાચે તાંતણે હાથીને બાંધે તેતો સ્ત્રી ચરિત્રના ઉપાય છે. તે માટે આ સ્ત્રી જુઠી છે. અને તારે ગમે તો મને વગર વાંકે મારી નાંખ પણ એવી વહેમની વાતોથી તે સાચી ઠરે નહીં.

હવે એ ઠેકાણે લાખો માણસો તમાસો જોવા ભરાયા હતા. તેઓ માંહોમાંહે જેના મનમાં જેમ આવે તેમ વાતો કરતા હતા, અને સાચી વાત શી હશે ? તે કાંઈ નક્કી થઈ શકતું નહોતું. કોઈ કહે કે સ્ત્રી જુઠી છે અને કોઈ કહે કે આતો સતી છે. કોઈ કહે કે—રાજા તો સત્યવાદી હતો અને કોઈ કહે કે તે પાપી હતો. કોઈ કહે પ્રધાન સાચો છે, અને કોઈ કહે જુઠો છે. એવી રીતે જેમ પીંપળાનાં પાન ચારે તરફ હાલે તેમ લોકોની જીભો ચારે તરફ હાલતી હતી.

ઘણાખરા લોકો તે બાઈને માથે દોષ મૂકતા હતા, તેઓના બોલ બાઈના કાનમાં પડ્યા તેથી બાઈને ઘણું દુઃખ લાગ્યું, તે નદીને કાંઠે બળીમરવા સારૂ ગઈ. અને રાજપુત્ર, પ્રધાન વગેરે લોકનાં ટોળે ટોળાં જોવા સારૂં પછવાડે ગયાં. બાઈ, જઈને નદીમાં નહાઈ, અને પછી તેણે ઈશ્વરનું ધ્યાન કર્યું. પછી ચિતાને આકારે એક વેળુનો ઢગલો નદીને કાંઠે કરીને; તે ઉપર જેમ સતી બળી મરવા બેસે તેમ બેઠી; પણ તેની પાસે તેના ધણીનું મુડદું કે અગ્નિ નહોતો, તેથી લોકો તેની મશ્કરી કરવા લાગ્યા.

ત્યારે તેણે સૂર્ય તરફ હાથ જોડીને પ્રભુની પ્રાર્થના કરવા માંડી, કે ઓ પ્રભુ, તું નોધારાનો આધાર છે, આ લોકો મારે માથે જુઠું તહોમત મૂકે છે, તે ગાળ મારે માંથેથી તું ઉતાર. જો હું જુઠી હોઊંતો તું મારા સામુ જોઈશ નહિ અને જો સાચી હોઉતો બધી સતીઓની સાથે મને કર, અને વગર

આગે તું મારા શરીરને બાળી નાંખે તો હું તને પ્રત્યક્ષ દેવજાણું.

એ રીતે એક ઘડી સ્તુતિ જ્યાં કરી ત્યાં તે બાઇની નજરે એવો દેખાવ પડયો કે જાણે સૂર્ય તરફથી એક પુરૂષ રૂપે દેવ પૃથ્વી ઉપર ઉતરીને પોતાની પાસે આવ્યો. તેને બીજું કોઇ માણુસ દેખતું નહોતું.

બાઈએ પ્રધાનને કહ્યું કે તું મનમાંથી ગર્વ મૂકીદે અને વગર આગે આ ઠેકાણે મારૂં શરીર બાળી નાંખું તેથી તારા મનનો વેહેમ ભાગજે. એમ કહીને તે સ્ત્રી પોતાના ધણીને પગે લાગી. ત્યારે બીજા સૌએતો તે વાત કબુલ કરીને કહ્યું કે જો સાચી સતી હશે તો વગર આગે બળી મરશે ને તે સાચી ઠરશે.

ત્યારે રાજકુંવરે પ્રધાનને કહ્યું કે અરે ચંડાળ તારે મોઢે તું કબુલ કર કે સાચી સતી હશે તો વગર આગે બળશે અને જો એમ થશેતો તું જુઠો ઠરીશ. પછી આ સર્વે લોકો દેખતાં હું તને શૂળિયે ચડાવીશ.

ત્યારે પ્રધાન બોલ્યો કે હું સાચો મર્મ કહું તે સાભળો, પછી ગમેતો મને મારી નાંખજો. હું તમારૂં ન્યાયીપણું જોઊં. આ સ્ત્રીના માથા ઉપર સંકટના અંગારા વરસે છે તેથી તેનું શરીર ઘણુંતો બળી ગયું છે હવે બળવામાં બાકી શું છે. પેટમાં જઠરાગ્રી હોય છે તે ખાધેલા અન્નને અને પાણીને બાળી નાંખે છે. તેનાથી અગ્રી પ્રગટ કરીને શરીને બાળી શકે એમાં શી નવાઇ છે? ઘણા જેગિયો નોળી કર્મ કરે છે અને ન-

સા જ્વાળ પ્રગટ કરે છે, એવી ક્રિયા આ સ્ત્રી કરી જાણતી હશે તેથી શરીર બાળી શકશે એમાં શું ?

એકતો એનામાં શૂરીપણું છે, બીજો તેનામાં ક્રોધાગ્નિ પ્રગટયો છે, અને ત્રીજું કલંક ઉતારવા સારૂં આપણને સમજાવે છે. પણ જુઠો રાજા હતો તેને મેં નારી નાંખ્યો અને આ જૂઠી નારી બળી મરશે તથા તું જુઠો મને શુળિયે ચઢાવીશ, એમાં શો તેં ઈનસાફ કર્યો ?

હવે પેલી બાઈ જે બળવાને તૈયાર થઈ હતી તેણે પ્રધાનનાં ઉપલાં વચનો સાંભળ્યાં ત્યારે તેણે જાણ્યું કે બળી મરવાથી મારે માંથેથી કલંક ઉતરવાનું નથી ત્યારે વળી ઉભી થઇને બોલી કે, અરે નગરના લોકો હું હાથ જોડીને કહું છું કે પ્રધાનને તમે સૌ પૂછો કે તેના મનનો વેહેમ શીરીતે મટે ? અને એના મનની દાઝ કેમ ઓલાય ? તે જેમ કહે તેમ કરી બતાવું કેમકે જે સાચું માણસ હોય તેના મનમાં બધી વાતની હિંમત હોય અને જે જુઠું હોય તે બધી વાતે બીયે.

ત્યારે લોકોએ પ્રધાનને પુછ્યું કે તું જેમ કહે તેમ તે બાઇ કરવાને તૈયાર છે. માટે તું કહે કે શું કરે તો તું સાચી માને, અને પછીથી તું આડું બોલીશતો અમે સૌ મળીને તારા ઉપર પંચપઇટાળી કરીશું. સાચાનો બેલી પરમેશ્વર છે. જુઠાનો કોઇ નથી. પછી પ્રધાને મુત્સદીપણું બતાવ્યું અને કહ્યું કે જો તું સાચી સતી હોય તો આ કુંવરના બાપને જીવતો ૯૬ એટલે હું તને સાચી માનીશ. જો આ સાચી હશેતો

રાજા સજીવન થશે અને તે રાજા પણ સત્યવાદી છે એવું હું કબુલ કરીશ. ઇશ્વર સાચાની આગળ ઉનાં તેલ ટાઢાં કરે છે ને ટાઢાનાં ઉનાં કરે છે. જળને ઠેકાણે થળ અને થળને ઠેકાણે જળ કરે છે. અને બ્રહ્માંડ ભાગે છે અને ઘડે છે એની અકળ માયા છે એનો પાર કોઇ પામતું નથી. માટે જો રાજાને જીવતો કરે તો મને ખરો વિશ્વાસ આવે. તેવિના હું એકે અક્ષર સાચો માનું નહિ. પણ જો રાજા જીવતો થાય તો હું જુઠો અને મારી તકશીર સાબીત થાય. પછી મારા ઉપર તમે સો પંચંઈટાળી કરજો, ને ગમેતો ઠેર મારી નાંખજો. અને આ સતીને તથા રાજાને મોતીએ વધાવજો. મુઆને જીવતો કરે તેતો પરમેશ્વર ખરો અને બાકીતો બધું આળ પંપાળ છે.

એવું સાંભળીને સૌ જોઇ રહ્યા. પણ કોઇનાથી પાછો જવાબ દેવાયો નહિ. પછી સૌએ તે બાઇના સામું જોયું કે જોઇએ બાઇ શો ઉત્તર દેછે. તાળીયો પાડીને સૌ હસ્યા; તે મશ્કરીનો મર્મ તેના મનમાં સમજાયો, તેથી તેને ઘણું દુઃખ લાગું. એ બનાવ પેલો આકાશમાંથી ઉતરેલો દેવ જોતો હતો.

વળી તે બાઇએ દેવની સ્તુતી કરવા માંડી કે ઓ પ્રભુ! જ્યારે સુધન્વાને તેલની કઢાઇમાં તેના બાપે નંખાવ્યો હતો ત્યારે તમે તે તેલ ટાઢું કર્યું હતું જ્યારે સીતાને માથે કષ્ટ પડ્યું હતું, ત્યારે તમે સહાયતા કરી હતી, દ્રૂપદીનાં ચીર પૂર્યાં હતાં, તેમજ આ કલંક ચઢવાથી મારે માથે મોટું સંકટ આવી પડયું છે. ઓ મારી માતા ધરતી તું મને માગદે.

એવું કહ્યું કે તરતજ પૃથ્વીમાં મોટી ફાટ પડી, તેમાં પડવાનો વિચાર તે બાઇએ કર્યો એટલામાં એક બીજું કૌતક થયું. આકાશમાં ધમઘોર વરસાદ ચઢી આવ્યો, અને એક ભારે કાટકો થયો તથા પૃથ્વી ઉપર પ્રલેકાળના જેવું અંધારૂં ઘોર થઇ ગયું. પૃથ્વીની ફાટમાંથી શેષનાગ જોગી પૂરૂષનું રૂપ ધરીને નિકળ્યો, તેના હાથમાં અમૃતનો કળશ હતો. તેણે સતી સામું અમૃત નજરથી જોયું, ત્યારે સતીએ તેના સામા હાથ જોડયા.

તે જોગી બોલ્યો કે ચંપાના ઝાડ આગળ રાજાની લાસ દાટી હતી ત્યાં તેના શરીરનું હાડકું એક રહી ગયું છે, તે કઢાવીને તેના ઉપર આ કળશમાંથી અમૃત છાંટજે એટલે મુએલો રાજા જીવતો થશે અને તારી ઉપરનું કલંક જશે, અને ઈશ્વર તારો ધર્મ રાખશે. એવું સાંભળીને સતીએ પેલો કળશ લેઇને તે જોગીનો ઉપકાર માન્યો. પછી જોગી અદ્રશ થઈ ગયો. તે બનાવ બીજા કોઇના જોવામાં આવ્યો નહિ. પછી વરસાદનું અંધારૂં મટી ગયું અને સૂર્યનો તડકો નિકળ્યો. ત્યારે રાજકુંવરે સતીને કહ્યું કે બાઇ, તું સાચી સતી છે તે હું અને તું બેજણ જાણીએ છિયે, પણ ઘણા લોકો તને જુઠી માને છે. માટે તેઓની ખાત્રી થાય તેમ કરો, નહિ તો ઉઠીને ઘેર જાઓ.

પછી સતી ત્યાંથી ઉઠીને પેલું ચંપાનું ઝાડ હતું ત્યાં ગઇ, ને તેની પછવાડે સર્વે લોકો ગયા. પેલો ખાડો ખોદાવ્યો તેમાંથી એક હાડકું નિકળ્યું. તે લેઇ જઇને વિશ્વનાથના દેવળ

આમળ નાંખ્યું. અને તે ઉપર એક ચીર ઢાંકયુ. પછી તેના ઉપર પેલા કળશમાંથી અમૃત છાંટયું. તેને ત્રણ ઘડી થઇ એટલે ત્યાં રાજા સજીવન થઇ આળસ મરડી ઉભો થયો. કવિ કહે છે કે સાચાનો બેલી ઇશ્વર છે એમાં કાંઈ સંશય નથી. જે સાચી વાત હોય તે અંતે તરી નિકળે, એવું સૌ જાણે છે. સાચી વાત હોય તે આકાશમાંથી ઉતરી આવે. અબવસો સત્યનો છે, તેના આધારથી આ સંસાર નભે છે, સત્યને આધારે આકાશ રહ્યું છે, સત્યથી સૂર્યનો પૂર્ણ પ્રકાશ રહે છે, સત્યને આધારે જળ વચે પૃથ્વી રહી છે, અને સૌ કહે છે કે અંતે સત્ય તરે. જ્યાં સત્ય હોય ત્યાં પરમેશ્વર નો વાસ છે. સત્યના આધારથી બ્રહ્માંડો અધર ઉડતાં ફરે-છે. સત્યના પ્રતાપથી વરસાદ વરસે છે. સત્યથી અન્ન પાકેછે અને સત્ય એજ ઈશ્વરનું રૂપ છે. જ્યારે સત્યનું મૂળ જશે ત્યારે સૃષ્ટિનો પ્રલય થશે. સત્ય છે તે ઈશ્વરનું નુર છે અસત્યથી ઇશ્વર વેગળો છે. અસત્ય છે ત્યાં મહા દુઃખ છે. અને સત્યમાંજ સઘળાં સુખ રહેલાં છે. જેનું સત્ય રહ્યું તેણે જગત જીત્યું એમ જાણવું. જેનું સત્ય ગયું તેનું સર્વસ ગયું. સત્ય એજ સ્વર્ગ જવાનો રસ્તો છે. બ્રહ્મ પદનું તત્વ સત્ય છે. સાચાની આગળ દેવ પણ હાથ જોડે છે. જેને સત્ય સાથેજ વહેવાર હોય તેને ઇશ્વરી અવતાર જાણવો.

રાજા આળસ મરડીને ઉભો થયો એટલે તેના ઉપર ફૂલની વૃષ્ટિ થઇ અને સર્વે લોકોએ સતીને સાબાસ સાબાશ કહ્યું અને જેજેકાર થયો. પેલા પ્રધાનને પાપી પાપી કહીને સૌએ

ધિક્કારવા માંડયો. નંદરાજા તેનું કારણ જાણુતો નહોતો. માટે તેણે પૂછ્યું કે આ પ્રધાનને શાવાસ્તે બાંધ્યો છે? અને તે બિચારાને શાવાસ્તે મારોછો? એ તમારા શાવાંકમાં આવ્યોછે?

પછી બધી હકીકત લોકોએ રાજાને કહી, ત્યારે તેને બધી વાતનું સ્મરણ થયું. રાજાએ કહ્યું કે ખરૂં જોતાં એમાં મારો વાંક છે તેમાં તે બિચારો રાંક શું કરે? માટે એને કોઈ મારશો નહિ. કેમકે જે ભાવી વાત બનવાની હોય તે એમજ બને છે. (મતલબ કે કોઈ રાજા કુછંદમાં પડીને પ્રજાના હાથનો માર ખાય, તોપણ અંતે ન્યાયી રાજા પોતાનો વાંક સમજાય ત્યારે પ્રજાને માફી આપે પણ વેર રાખે નહિં.)

પછી પ્રધાનને છોડાવીને દરબારમાં તેડી જઈને શીરપાવ આપ્યો, અને પ્રાણ કરતાં પણ વહાલો કીધો, પણ રાજાએ તેના ઉપર કાંઈ વેર રાખ્યું નહિ. પેલી પદ્મણી તેના સ્વામી. ને સોંપી. અને રાજ્યગાદી કુંવરને સોંપીને રાજા વનમાં તપ કરવા ગયો, પ્રધાને રાજાની સ્તુતી કરીને કહ્યું કે હું આપનો ગુન્હેગારછું અને હવે મારા મનનો વેહેમ ભાગ્યો. પછી પદ્મણીને લેઈને પ્રધાન ઘેર ગયો, અને પદ્મણી ઉપર પણ પુષ્પની વૃષ્ટિ થઈ ,અને તે સ્ત્રીને રૂડી રીતે પ્રધાને રાખી. સતીનું કલંક ઉતર્યું, અને લોકો પોતપોતાને ઘેર ગયા.

રાજાના મનની ખાત્રી થઈ કે જે કોઈ પરસ્ત્રી, ઉપર કુદૃષ્ટિ કરે, તે કોઈ વખતે વગર મોતે મરે, અને જે કોઈ સ્ત્રી ઉપર ઘણો વેહેમ રાખીને તેનો પાર લેવા બેસે, તે પ્ર-

ધાનના જેવો મૂર્ખ ઠરે. અને પરસ્ત્રીના રૂપથી જે મોહિત થાય તેનો દૈવ રૂઠ્યો જાણવો.

શામળભટ કવિ કહે છે કે—પરસ્ત્રીના સંગથી એક ઘડીનુ સુખ પણ તેમાં અત્યંત દુઃખ રહેલાં છે, તે ચતૂર હોય તે ચેતી લેજો, પરસ્ત્રીથી આ જગતમાં અપકિર્તિ થાય અને મરીને નર્કમાં જવાય. પરસ્ત્રી નરકની ખાંણ છે. જેણે પરસ્ત્રી સામું કુદૃષ્ટિએ જોયું નહિ તે સંસારને જીત્યો જાણવો. પરસ્ત્રીથીરાવણનાં માથાં કપાયાં અને લંકાનું રાજ્ય ખોયું. ચંદ્રને લાંછન લાગ્યું. ઈંદ્રને શતભગ થયાં, અને સોકૌરવ માર્યા ગયા.

સ્ત્રીને તો નમીને ચાલીએ, કેમકે તે આદ્યશક્તિનું રૂપ છે, તે અજીત છે, એને કોઇએ જીતી શકાય નહિ. સ્ત્રીતો રત્નની ખાણ છે, તે મહા બળવાળી છે. સૃષ્ટિનું મંડાણ સ્ત્રી છે. નિર્ઘોષરાજા, વિક્રમરાજા, અને ભોજરાજા, જેવાં રત્નો સ્ત્રીમાંથી પૈદા થયાં હતાં. કરણ, યુધિષ્ટર, જનક, વ્યાસ, વશિષ્ઠ, અને માર્કંડેય જેવા મહાઋષિયો સ્ત્રીથી થયા. મોટા શૂરા, અનમ્ર અને અહંકારી સ્ત્રીમાંથી પ્રગટયા. માટે તેની આગળ પ્રીતથી મળીને ચાલિયે તોજ જગતમાં જશ તથા સુખ પામીએ. અને પરનારી તો મારીને ચૂરે ચૂરા કરી નાંખે, માટે ડાહ્યા પૂરૂષો તેનાથી વેગળા રહેજો. વળી છેલ્લો અક્ષર કહુંછું કે પરસ્ત્રીનો સંગ કરશો નહિ અને અમુલ્ય વખત જાય છે માટે પ્રભુનું ભજન કરજો.

શ્રુતિફળ—આનંદરાજાની કથા, જેમાં કવિતાની ચતૂરાઇના ભેદ ઘણા છે તે વાંચનારા અને સાંભળનારા મારી ખોડ કાઢશો નહિ. નંદરાજાનું ચરિત્ર જે સાંભળે, તે ધણી ધણીઆનો વિજોગ ભાગે, મતલબ કે મન છુટાં પડયાં હોય તો મળે. અને તેઓની આશા પરીપૂર્ણ થાય. હૈયામાં જ્ઞાન ઉપજે, કુબુદ્ધિ ઉપજે નહિ, અને સત્ય ઉપર તથા પ્રભુ ઉપર પ્રીતિ વધે. ઓ પ્રભુ તેં જેમ સતિયાનું સત્ય રાખ્યું તથા તેઓનાં જગતમાં નામ રાખ્યાં તેમ સર્વે લોકોની લાજ રાખજે અને રૂડાં કામ કરાવજે.

સમાપ્ત.